MANOGAT • Year 42 • Issue 23 • 10 March 2024 • Maha Vad 15, Samvat 2080 • Yugabd 5125 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत



# મોદીની ગેરંટી એટલે ગેરંટી પૂર્ણ કરવાની ગેરંટી

**અભિયાનમાં મુખ્ય ચાર સ્વરૂપે લોકો પાસેથી સૂચનો એકત્રિત કરવામાં આવશે, સંકલ્પ પત્રની પેટી, નરેન્દ્ર મોદી એપ, મિસ કોલ નંબર અને ઇમેલ દ્વારા જનતાનાં સૂચનો મેળવાશે**



# સંકલ્પ પત્ર બનાવતા પહેલાં લોકોના અભિપ્રાય મેળવવા માટે ગુજરાત ભાજપાએ વિશેષ અભિયાન શરૂ કર્યું – શ્રી સી. આર. પાટીલ




લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનાં સંકલ્પ પત્ર જનતાની અપેક્ષાનું બને તે હેતુથી જન જન સુધી પહોંચવા તેમજ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા હેતુ જનતાનાં સૂચનો માટે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે પ્રદેશ કાર્યાલય કોબા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જનતાનાં સૂચનો માટે મોબાઈલ નંબર ૯૦૯૦૯૦૨૦૨૪ પણ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે લોન્ચ કર્યો. આ નંબર પર મિસ કોલ કરી ૩૦ સેકન્ડમાં પોતાનાં સૂચનો પણ નોંધાવી શકે છે તેમજ ઈમેલ એડ્રેસ sankalppatra2024 @bjpgujarat.org પર સૂચનો પણ મોકલી શકાશે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું કે, લોકસભા ચૂંટણી હવે ટૂંક સમયમાં જાહેર થશે. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દર વખતે જનતાની અપેક્ષાનું સંકલ્પ પત્ર રજૂ કરતું હોય છે તે અંતર્ગત આ વખતે પણ જનતાની અપેક્ષાનું સંકલ્પ પત્ર બને તે માટે તેમનાં સૂચનો અને તેમની જરૂરિયાત જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જે આ સંકલ્પ પત્રમાં સમાવેશ કરી શકાય. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજીએ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ દિલ્લીથી આ અભિયાનની શરૂઆત કરાવી છે. આ અભિયાન અંતર્ગત ગુજરાતમાંથી આશરે ૧૫ લાખથી વધુના લોકોની આશા, અપેક્ષા ભેગી કરવા આજથી અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. અભિયાનમાં મુખ્ય ચાર સ્વરૂપે લોકો પાસેથી સૂચનો એકત્રિત કરવામાં આવશે. સંકલ્પ પત્રની પેટી, નરેન્દ્ર મોદી એપ, મિસ કોલ નંબર અને ઈમેલ દ્વારા સૂચનો મેળવાશે.

શ્રી પાટીલે વધુમાં જણાવ્યું કે, લોકોની અપેક્ષાનું સંકલ્પ પત્ર બને તે માટે સૂચન પેટી જિલ્લા મહાનગરનાં મુખ્ય સ્થાનો, કોલેજો સહિત સ્થળોએ પેટી મુકાશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ વિકસિત ભારત મોદીની ગેરેંટી વિડિયો વાન - દરેક લોકસભામાં બે વાન મોકલવામાં આવશે. આ અભિયાન અંતર્ગત કાર્યકર્તાઓ દ્વારા બુથ સ્તરે જનસંપર્ક કરી જનતાનાં સૂચનો મેળવવામાં આવશે. વિવિધ સેલના માધ્યમથી જિલ્લા સ્તરે બેઠકો થકી પણ સૂચનો મેળવવામાં આવશે. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ના સંકલ્પ પત્રમાં આપેલાં વચનોમાંથી ૯૫ ટકાથી વધુનાં કામો પૂર્ણ કર્યાં છે. ભારતીય જનતા પાર્ટી એક એવી પાર્ટી છે જે સંકલ્પ પત્રને ગંભીરતાથી લે છે. સંકલ્પ પત્ર એટલે લોકોને આપેલા વચનોને પૂર્ણ કરવા માટેનો સંકલ્પ. ભાજપાએ આપેલાં વચનો પૂર્ણ કર્યાં છે એટલે જ દેશની જનતાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પર વિશ્વાસ છે. ગુજરાતની જાહેરજનતાને વિનંતી છે કે વધુમાં વધુ લોકો તેમનાં સૂચનો મોકલે. અમે શક્ય તમામ સૂચનો સંકલ્પ પત્રમાં સમાવેશ કરવાનો પ્રયાસ કરીશું.

Year : 42, Issue : 23, Pages : 28





## તંત્રીસ્થાનેથી

# કોંગ્રેશ શાસનમાં કેવું કાશ્મીર હતું અને ભાજપ શાસનમાં આજે કેવું છે આ અનુભવ પોતે જ નહેરુનીતિને જડબાતોડ જવાબ છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આજે બે તારીખોની સાપેક્ષમાં વાત કરવી છે – ૨૬ જાન્યુઆરી ૧૯૯૨ અને ૭ માર્ચ ૨૦૨૪.

કન્યાકુમારીથી શરૂ થયેલી એકતાયાત્રા ૨૬ જાન્યુઆરી ૧૯૯૨ના દિને કાશ્મીરના શ્રીનગરના લાલચોકમાં પહોંચી ત્યારે કાશ્મીરની હાલત કેવી હતી ? ચોતરફ આતંકવાદીઓનો ખોફ, છાશવારે થતા બોંબ બ્લાસ્ટ અને હત્યાઓ, જનજીવન અસ્તવ્યસ્ત. ત્યાં સુધી કે એકતાયાત્રાના અંતિમ પડાવમાં જ્યારે આપણા લોકો ભારતમાતાનો તિરંગો ફરકાવતા હતા ત્યારે પણ તેમના પર આતંકવાદીઓ હુમલો ન કરે અને કેન્દ્ર સરકારની આબરૂ ન જાય તે માટે કેન્દ્રીય ફોર્સ દ્વારા સુરક્ષા આપવી પડી હતી !

અને ૭ માર્ચ ૨૦૨૪ના દિને આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો શ્રીનગરમાં જાહેર કાર્યક્રમ યોજાયો. પથ્થરમારાના અગાઉના જે ચિત્રો હતા તે આજે ફુલહાર લઈને ઉભેલા કાશ્મીરીઓ સ્વરૂપે દેખાતા હતા. અનેક કાશ્મીરીઓની ઉપસ્થિતિમાં ઉમંગ અને ઉત્સાહ સાથે કાર્યક્રમ યોજાયો હતો. સંપૂર્ણ જનજીવન ખુશહાલ અનુભવાતું હતું.

કાશ્મીરની પરિસ્થિતિના આ આખાય યુ ટર્નની વચ્ચે બે બાબતો કારણભૂત છે – (૧) ૧૯૯૨માં કોંગ્રેસ સરકાર હતી જેની દાનત કાશ્મીરને અલગ પાડીને મુસ્લિમ મતબેંક દ્વારા દેશભરમાં તુષ્ટીકરણની મતની રાજનીતિની હતી અને આજે ભાજપ સરકાર છે જે સૌનો સાથ સૌના વિકાસની વિચારધારાને ફળીભૂત કરી રહી છે. અને (૨) ૩૭૦મી કલમનો કાશ્મીરનું સ્થાનિક નેતૃત્વ હથિયાર તરીકે ઉપયોગ કરી કાશ્મીરી પ્રજાને બાનમાં રાખીને પોતાની પેઢીઓની જ ચિંતા કરતા હતા. જેને આપણી કેન્દ્ર સરકારે રદ કરી.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે વિશ્વ રાજનીતિમાં મજબૂત સ્થાન ઊભું કરીને ૩૭૦મી કલમ હટાવવાનો આઝાદી પછીનો ઐતિહાસિક નિર્ણય કર્યો અને આજે કાશ્મીર ભારત સાથે ખરા અર્થમાં જોડાઈ ગયું. પ્રધાનમંત્રીની સભામાં હજારો કાશ્મીરીઓ ઊમટી પડે તે વાત જ શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનની સાચી શ્રદ્ધાંજલિ ગણી શકાય.

નહેરુ અને કોંગ્રેસે આઝાદી પછી મતલક્ષી દિશા આપીને આ દેશને સતત ડરપોક અને ઓશિયાળો બનાવ્યો હતો. તદ્ઉપરાંત સમયાંતરે જરૂરી મજબૂત નિર્ણયોના અભાવે દેશ - સ્વાભિમાન અને સ્વતંત્રતાની મોકળાશ પણ ગુમાવી બેઠો હતો. ૨૦૧૪માં આપણી પૂર્ણબહુમતવાળી સરકાર આવી અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે વિધ-વિધ મજબૂત અને સ્થાયી નિર્ણયો થયા તેનું આ પરિણામ છે કે આજે કાશ્મીર દેશના મુકુટની જેમ ખરા અર્થમાં ખીલી રહ્યું છે. આપણી વિચારધારા અને નીતિના પરિણામ સ્વરૂપ આજે વિશ્વભરમાં પ્રત્યેક દેશવાસી મસ્તક ઊંચું રાખીને ગૌરવભેર હિન્દુસ્તાની હોવાનું સ્વાભિમાન પ્રગટ કરી રહ્યો છે તે બાબત જ આપણા સૌ માટે ભાજપનું સાર્થકપણું પ્રગટ કરી રહ્યો છે.

વંદે માતરમ્.


- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સએપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001

# ભારતનો અત્યાર સુધીનો સૌથી લાંબો કેબલ સ્ટેડ બ્રિજ



## સુદર્શન સેતુનો શિલાન્યાસ કરવાનો મોકો મળ્યો હતો અને આજે લોકાર્પણ કરવાનું સૌભાગ્ય પણ મળ્યું - શ્રી નરેન્દ્રભાઈ મોદી

21મી સદીમાં ભારતના વૈભવની તસવીર પણ મારી આંખમાં ફરી રહી હતી અને હું લાંબા સમય સુધી અંદર રહ્યો. અને આજે હું અહીં મોડો આવ્યો તેનું કારણ એ હતું કે હું સમુદ્રની અંદર ઘણી વાર રહ્યો. હું સમુદ્ર દ્વારકાના એ દર્શનથી વિકસિત ભારતના સંકલ્પને વધારે મજબૂત કરીને આવ્યો છું.

સાથીઓ, આજે મને સુદર્શન સેતુનું લોકાર્પણ કરવાનું સૌભાગ્ય પણ મળ્યું છે. છ વર્ષ પહેલાં મને આ સેતુનો શિલાન્યાસ કરવાનો મોકો મળ્યો હતો. આ સેતુ ઓખાને બેટ દ્વારકા દ્વીપ સાથે જોડશે. આ સેતુ દ્વારકાધીશના દર્શનને પણ સરળ બનાવશે અને અહીંની દિવ્યતાને પણ ચાર ચાંદ લગાવી દેશે. જેનું સપનું જોયું, જેની આધારશિલા મૂકી, તેને પૂરું કર્યું – આ જ ઈશ્વરરૂપી જનતા જનાર્દનના સેવક મોદીની ગૅરંટી છે. સુદર્શન સેતુ એ માત્ર એક સુવિધા જ નથી. વાસ્તવમાં, તે એન્જિનિયરિંગની પણ કમાલ છે અને હું તો ઇચ્છું છું કે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ આવીને આ સુદર્શન સેતુનો અભ્યાસ કરે. આ ભારતનો અત્યાર સુધીનો સૌથી લાંબો કેબલ સ્ટેડ બ્રિજ છે. આ આધુનિક અને વિરાટ સેતુ માટે હું તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**સાથીઓ, જ્યારે કનેક્ટિવિટી વધે છે, જ્યારે કનેક્ટિવિટી વધુ સારી બને છે ત્યારે તેની સીધી અસર દેશના પર્યટન પર પડે જ છે. ગુજરાતમાં વધતી જતી કનેક્ટિવિટી રાજ્યને એક મોટું પ્રવાસન હબ બનાવી રહી છે. આજે ગુજરાતમાં 22 અભયારણ્યો અને 4 રાષ્ટ્રીય ઉદ્યાનો છે. હજારો વર્ષ જૂનાં બંદર શહેર લોથલની વિશ્વભરમાં ચર્ચા થાય છે. આજે અમદાવાદ શહેર, રાની કી વાવ, ચાંપાનેર અને ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ બની ગયા છે. શિવરાજપુરી દ્વારકામાં બ્લુ ફ્લેગ બીચ છે. વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ છે. એશિયાનો સૌથી લાંબો રોપ-વે આપણા ગિરનાર પર્વત પર છે. ગીર જંગલ, એશિયાટિક સિંહ, આ આપણા ગિરનાં જંગલોમાં જોવા મળે છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, સરદાર સાહેબની સ્ટેચ્યુ ઑફ યુનિટી ગુજરાતના એકતા નગરમાં આવેલી છે. આજે રણોત્સવમાં વિશ્વભરના પ્રવાસીઓનો મેળો ભરાય છે. કચ્છના ધોરડો ગામની ગણતરી વિશ્વનાં શ્રેષ્ઠ પ્રવાસી ગામોમાં થાય છે. નડાબેટ દેશભક્તિ અને પ્રવાસનનું મહત્વનું કેન્દ્ર બની રહ્યું છે. વિકાસ અને વિરાસતના મંત્રને અનુસરીને ગુજરાતમાં પણ આસ્થાનાં સ્થળોની શોભા વધારવામાં આવી રહી છે. દ્વારકા, સોમનાથ, પાવાગઢ, મોઢેરા, અંબાજી જેવાં તમામ મહત્વનાં યાત્રાધામોમાં સુવિધાઓ વિકસાવવામાં આવી છે. અંબાજીમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે એક જ જગ્યાએ 52 શક્તિપીઠોનાં દર્શન થાય. આજે ભારત આવતા વિદેશી પ્રવાસીઓની પસંદગી ગુજરાત બની રહ્યું છે. વર્ષ 2022માં ભારતની મુલાકાતે આવેલા 85 લાખથી વધુ પ્રવાસીઓમાંથી દર પાંચમો પ્રવાસી ગુજરાતમાં આવ્યો છે. ગયા વર્ષે ઑગસ્ટ સુધીમાં લગભગ 15.5 લાખ પ્રવાસીઓ ગુજરાત આવી ચૂક્યા હતા. કેન્દ્ર સરકારે વિદેશી પ્રવાસીઓને જે ઈ-વિઝાની સુવિધા આપી છે, તેનો પણ લાભ ગુજરાતને મળ્યો છે. પ્રવાસીઓની સંખ્યામાં થઈ રહેલો આ વધારો ગુજરાતમાં રોજગાર અને સ્વરોજગારની નવી તકો**



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો યાત્રાધામ અને પ્રવાસન સુવિધાને વેગ આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય

### દ્વારકા અને ઓખા નગરપાલિકાઓ ઉપરાંત બેટ દ્વારકા-શિવરાજપુર-આરંભડા-સુરજકરાડી અને વરવાળા ગ્રામ પંચાયતોના વિસ્તારો મળીને કુલ ૧૦,૭૨૧ હેક્ટર વિસ્તાર શહેરી વિકાસ સત્તામંડળમાં આવરી લેવાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાચીન તીર્થક્ષેત્ર અને ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા, સુદર્શન સેતુથી વિશ્વપ્રસિદ્ધિ પામેલા બેટ દ્વારકા અને બ્લુ ફ્લેગ બીચની આગવી ઓળખ ધરાવતા શિવરાજપુર સહિતના વિસ્તારોને પ્રવાસન અને સર્વગ્રાહી ઇન્ફ્રા સ્ટ્રક્ચર ફેસેલિટીઝ ડેવલપમેન્ટ માટે “દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ”ની રચના કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ઓખા અને દ્વારકાની નગરપાલિકાઓ ઉપરાંત આરંભડા, સુરજકરાડી, બેટ દ્વારકા સહિતના વિસ્તારો તેમજ શિવરાજપુર અને વરવાળા ગ્રામ પંચાયતોના વિસ્તારો મળીને કુલ ૧૦,૭૨૧ હેક્ટર વિસ્તાર માટે આ “દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ”ની રચનાને મંજૂરીની મહોર મારી છે. અરબી સમુદ્રના કિનારે અને ગોમતી નદીના કાંઠે વસેલું પ્રાચીન તીર્થ દ્વારકા હિન્દુધર્મમાં ચાર પવિત્રધામમાનું એક ધામ છે. દ્વારકાધીશ મંદિર ઉપરાંત શંકરાચાર્યના મઠ અને અનેક મંદિરો સાથેનું આ તીર્થક્ષેત્ર ધાર્મિક નગરીની ખ્યાતિ ધરાવે છે. દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓ દ્વારકાધીશનાં દર્શન સાથે આસપાસનાં જોવાલાયક ઐતિહાસિક સ્થળોની મુલાકાતે આવતા રહે છે એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં બેટ દ્વારકાને દ્વારકા સાથે જોડતા બે કિલોમીટરથી વધુની લંબાઈના સુદર્શન સેતુના લોકાર્પણથી વિશ્વભરના પ્રવાસીઓ માટે બેટ દ્વારકાની મુલાકાત પણ વધુ સુવિધાસભર બનાવી છે. આ બે ધર્મસ્થાનો સાથોસાથ અરબી સમુદ્રના કિનારે અને દ્વારકાથી નજીક આવેલો સફેદ રેતી-વાઈટ સેન્ડ અને નિસ્તેજ સાફ પાણી સાથેનો રાજ્યનો એક માત્ર ‘બ્લુ ફ્લેગ બીચ’ શિવરાજપુર પણ પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બધાં જ સ્થાનોના પ્રવાસે આવનારા યાત્રાળુઓ, પર્યટકોને સલામત અને સુરક્ષિત વાતાવરણ સાથે સંતોષકારક અનુભવ મળે તેવા હોલિસ્ટિક એપ્રોચ સાથે આ સમગ્ર વિસ્તારમાં મૂળભૂત નાગરિક સુવિધાઓ તેમજ તેના યોગ્ય અને અસરકારક સંચાલનને પહોંચી વળવા યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને વેગવંતુ બનાવવા માટે "દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ”ની રચના કરી છે. મુખ્યમંત્રીશ્રીના આ અભિનવ નિર્ણયને પગલે આ સમગ્ર વિસ્તારમાં ધાર્મિક અને પ્રવાસન પ્રવૃત્તિઓ સાથોસાથ વાણિજ્ય એકમોને પ્રોત્સાહન મળશે, નવાં રોકાણોની સંભાવનાઓ વધશે અને રોજગારીની નવી તકો તેમજ આર્થિક વિકાસના નવા માપદંડો નક્કી થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારતના સંકલ્પમાં ગુજરાત ધાર્મિકતા સાથે આધુનિકતાના સુભગ સમન્વયથી વિકાસમાં આગવું સ્થાન ઊભું કરવા પણ સક્ષમ બનશે.

પણ ઊભી કરી રહ્યો છે.

સાથીઓ, હું જ્યારે પણ સૌરાષ્ટ્ર આવું છું ત્યારે અહીંથી એક નવી ઊર્જા લઈને જાઉં છું. સૌરાષ્ટ્રની આ ધરતી સંકલ્પથી સિદ્ધિની બહુ મોટી પ્રેરણા છે. આજે સૌરાષ્ટ્રનો વિકાસ જોઈને કોઈને ખ્યાલ પણ નહીં આવે કે અહીં પહેલાં જીવન કેટલું મુશ્કેલ રહેતું હતું. આપણે તો એવા દિવસો પણ જોયા છે જ્યારે સૌરાષ્ટ્રનો દરેક પરિવાર અને દરેક ખેડૂત પાણીનાં દરેક ટીપાં માટે તરસતો હતો. લોકો અહીંથી પલાયન કરીને દૂર દૂર ચાલીને જતા હતા. જ્યારે હું કહેતો હતો કે જે નદીઓમાં આખું વર્ષ પાણી હોય છે તેમાંથી પાણી ઉપાડીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં લાવવામાં આવશે ત્યારે આ કૉંગ્રેસી લોકો મારી મજાક ઉડાવતા હતા. પરંતુ આજે સૌની, આ એક એવી યોજના છે જેણે સૌરાષ્ટ્રનું ભાગ્ય બદલી નાખ્યું છે. આ યોજના હેઠળ 1300 કિલોમીટરથી વધુની પાઈપલાઈન બિછાવવામાં આવી છે અને પાઈપલાઈન પણ નાની નથી, મારુતિ કાર પાઈપની અંદર જઈ શકે છે, જેના કારણે સૌરાષ્ટ્રનાં સેંકડો ગામોમાં સિંચાઈ અને પીવાનું પાણી પહોંચી શક્યું છે. હવે સૌરાષ્ટ્રના ખેડૂતો સંપન્ન થઈ રહ્યા છે, અહીંના પશુપાલકો સંપન્ન થઈ રહ્યા છે, અહીંના માછીમારો સંપન્ન થઈ રહ્યા છે. મને વિશ્વાસ છે કે આવનારાં વર્ષોમાં સમગ્ર સૌરાષ્ટ્ર, સમગ્ર ગુજરાત, સફળતાની નવી ઊંચાઈઓ પર પહોંચશે. દ્વારકાધીશના આશીર્વાદ આપણી સાથે છે. સૌ સાથે મળીને સૌરાષ્ટ્રને, ગુજરાતને વિકસિત બનાવીશું, ગુજરાત વિકસિત થશે, ભારત વિકસિત બનશે.





## રાજકોટને ગુજરાતની પ્રથમ એમ્સ આપવાની ગેરંટી આપી હતી

# તમારા સેવકે ગેરંટી પૂરી કરી દીધી છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

ભાઈઓ-બહેનો, 48 હજાર કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ પ્રકલ્પો તમને, સંપૂર્ણ દેશને મળ્યા છે. આજે ન્યૂ મુંદ્રા-પાણીપત પાઇપલાઇન પ્રકલ્પનો શિલાન્યાસ થયો છે. એનાથી ગુજરાતથી કાચું તેલ સીધું હરિયાણાની રિફાઇનરી સુધી પાઇપથી પહોંચશે. આજે રાજકોટ સહિત સંપૂર્ણ સૌરાષ્ટ્રનો રોડ, એના પુલો, રેલવે લાઇનનું ડબલિંગ, વીજળી, સ્વાસ્થ્ય અને શિક્ષણ સહિત અનેક સુવિધાઓ પણ મળી છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પછી હવે એમ્સ પણ રાજકોટને સમર્પિત થઈ છે અને આ માટે રાજકોટને, સંપૂર્ણ સૌરાષ્ટ્રને, સંપૂર્ણ ગુજરાતને ખૂબ-ખૂબ અભિનંદન! દેશમાં જે જે સ્થાનો પર આજે આ એમ્સ સમર્પિત થઈ રહી છે, ત્યાંનાં તમામ નાગરિકો, ભાઈઓ-બહેનોને મારી તરફથી બહુ જ શુભેચ્છા.

સાથીદારો, આજનો દિવસ ફક્ત રાજકોટ અને ગુજરાત માટે જ નહીં, પરંતુ આખા દેશ માટે પણ ઐતિહાસિક છે. દુનિયાનાં પાંચમા સૌથી મોટા અર્થતંત્રનું આરોગ્યક્ષેત્ર કેવું હોવું જોઈએ? વિકસિત ભારતમાં સ્વાસ્થ્ય સુવિધાઓનું કેવું હશે? આની એક ઝાંખી આજે આપણે રાજકોટમાં જોઈ રહ્યા છીએ. આઝાદીનાં 50 વર્ષ સુધી દેશમાં ફક્ત એક એમ્સ હતી અને એ પણ દિલ્હીમાં. આઝાદીનાં સાત દાયકાઓમાં ફક્ત 7 એમ્સને મંજૂરી આપવામાં આવી, પરંતુ તેનું પણ નિર્માણ ક્યારેય પૂર્ણ ન થયું. અને આજે જુઓ, ફક્ત 10 દિવસમાં, 10 દિવસની અંદર, 7 નવી એમ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ થયું છે. એટલે જ હું કહું છું કે, જે કામ છથી સાત દાયકાઓની અંદર ન થયું, એનાથી અનેકગણી ઝડપથી અમે દેશનો વિકાસ કરીને, દેશની જનતાનાં ચરણોમાં સમર્પિત કરી રહ્યા છીએ. આજે 23 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 200થી વધારે આરોગ્યની સારસંભાળ રાખવા માટે માળખાગત પ્રકલ્પોનો પણ શિલાન્યાસ અને લોકાર્પણ થયું છે. તેમાં મેડિકલ કૉલેજો છે, મોટી હોસ્પિટલોનાં સેટેલાઇટ કેન્દ્ર છે, ગંભીર બીમારીઓ માટે સારવાર સાથે જોડાયેલી મોટી હોસ્પિટલો છે.

સાથીદારો, આજે દેશ કહી રહ્યો છે, મોદીની ગેરેન્ટી એટલે ગેરન્ટી પૂર્ણ થવાની ગેરેન્ટી. મોદીની ગેરન્ટી પર આ અતૂટ ભરોસો, કેમ છે, એનો જવાબ પણ એમ્સમાંથી મળશે. મેં રાજકોટને ગુજરાતની પ્રથમ એમ્સની ગેરન્ટી આપી હતી. ત્રણ વર્ષ અગાઉ શિલાન્યાસ કર્યો અને આજે લોકાર્પણ કર્યું – તમારા સેવકે ગેરન્ટી પૂરી કરી દીધી. મેં પંજાબને પોતાની એમ્સની ગેરેન્ટી આપી હતી, ભટિન્ટા એમ્સનો શિલાન્યાસ પણ મેં કર્યો હતો અને આજે લોકાર્પણ પણ હું જ કરી રહ્યો છું – તમારા સેવકે ગેરન્ટી પૂરી કરી દીધી. મેં ઉત્તરપ્રદેશના રાયબરેલીને એમ્સની ગેરેન્ટી આપી હતી. કોંગ્રેસના શાહી પરિવારે રાયબરેલીમાં ફક્ત રાજનીતિ કરી, કામ મોદીએ કર્યું. મેં રાયબરેલી એમ્સને પાંચ વર્ષ અગાઉ શિલાન્યાસ કર્યો હતો અને આજે લોકાર્પણ કર્યું છે. તમારા આ સેવકે ગેરેન્ટી પૂરી કરી દીધી. મેં પશ્ચિમ બંગાળને પ્રથમ એમ્સની ગેરેન્ટી આપી હતી, આજે કલ્યાણી એમ્સનું લોકાર્પણ પણ થયું – તમારાં સેવકે ગેરન્ટી પૂરી કરી દીધી. મેં આંધ્રપ્રદેશને પ્રથમ એમ્સની ગેરન્ટી આપી હતી, આજે મંગલગિરી એમ્સનું લોકાર્પણ થયું – તમારાં



સેવકે ગેરન્ટી પૂરી કરી દીધી. મેં હરિયાણાના રેવાડીને એમ્સની ગેરન્ટી આપી હતી, થોડા દિવસો અગાઉ, 16 ફેબ્રુઆરીના રોજ એનો શિલાન્યાસ થયો છે. એટલે તમારા સેવકે આ ગેરેન્ટી પણ પૂરી કરી દીધી. છેલ્લાં 10 વર્ષ દરમિયાન અમારી સરકારે 10 નવી એમ્સને દેશનાં અલગ-અલગ રાજ્યોમાં મંજૂરી આપી છે. એક સમયે રાજ્યોનાં લોકો કેન્દ્ર સરકાર સમક્ષ એમ્સની માંગણી કરતાં કરતાં થાકી જતાં હતાં. આજે એક પછી એક દેશમાં એમ્સ જેવી આધુનિક હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખૂલી રહી છે. એટલે તો દેશ કહે છે – જ્યાં બીજા લોકો પાસે આશા ઠગારી નીવડે છે, ત્યાંથી મોદીની ગેરન્ટી શરૂ થાય છે.

સાથીદારો, ભારતે કોરોનાને કેવી રીતે હંફાવ્યો કે હરાવ્યો, એની ચર્ચા આજે આખી દુનિયામાં થઈ રહી છે. આપણે એ એટલી કરી શક્યા, કારણ કે છેલ્લાં 10 વર્ષ દરમિયાન ભારતની હેલ્થકેર સિસ્ટમ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે, એની કાયાપલટ થઈ ગઈ છે. ગત દાયકા દરમિયાન એમ્સ, મેડિકલ કૉલેજ અને ક્રિટિકલ કેર માળખાગત સુવિધાઓનાં નેટવર્કનો અભૂતપૂર્વ રીતે વધારો થયો છે. અમે નાની-નાની બીમારીઓ માટે ગામડેગામડે દોઢ લાખથી વધારે આયુષ્માન આરોગ્ય મંદિર બનાવ્યાં છે, દોઢ લાખથી વધારે. 10 વર્ષ અગાઉ દેશમાં લગભગ 380થી 390 મેડિકલ કૉલેજ હતી, આજે 706 મેડિકલ કૉલેજ છે. 10 વર્ષ અગાઉ એમબીબીએસની બેઠકો લગભગ 50 હજાર હતી, અત્યારે 1 લાખથી વધારે છે. 10 વર્ષ અગાઉ મેડિકલનાં પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે બેઠકો લગભગ 50 હજાર હતી, અત્યારે 70 હજારથી વધારે છે. આગામી થોડાં વર્ષોમાં ભારતમાં જેટલા યુવાન ડૉક્ટર બનવા જઈ રહ્યા છે, એટલા આઝાદી પછી 70 વર્ષમાં પણ બન્યા નથી. અત્યારે દેશમાં 64 હજાર કરોડ રૂપિયાનું આયુષ્માન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અભિયાન ચાલી રહ્યું છે. આજે પણ અહીં અનેક મેડિકલ કૉલેજ, ટીબીની સારવાર સાથે સંબંધિત હોસ્પિટલ અને સંશોધન કેન્દ્ર, પીજીઆઈનાં સેટેલાઇટ સેન્ટર, ક્રિટિકલ કેર બ્લોક્સ – આ પ્રકારનાં અનેક પ્રકલ્પોનો શિલાન્યાસ અને લોકાર્પણ થયું છે. આજે ઇએસઆઇસીની ડઝન હોસ્પિટલો પણ રાજ્યોને મળી છે.

સાથીદારો, અમારી સરકારની પ્રાથમિકતા, બીમારીથી બચાવ અને બીમારી સામે લડવાની ક્ષમતા વધારવાની પણ છે. અમે પોષણ પર ભાર મૂક્યો છે, યોગ-આયુષ અને સ્વચ્છતા પર ભાર મૂક્યો છે, જેથી બીમારીથી બચી શકાય. અમે પારંપરિક ભારતીય ચિકિત્સાપદ્ધતિ અને આધુનિક ચિકિત્સા – એમ બંનેને પ્રોત્સાહન આપ્યું છે. આજે જ મહારાષ્ટ્ર અને હરિયાણામાં યોગ અને નેચરોપથી સાથે જોડાયેલી બે મોટી હોસ્પિટલ અને સંશોધન કેન્દ્રનું પણ ઉદ્ઘાટન થયું છે. અહીં ગુજરાતમાં જ પરંપરાગત ચિકિત્સાપદ્ધતિ સાથે જોડાયેલા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)નું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર પણ આકાર લઈ રહ્યું છે.

સાથીદારો, અમારી સરકારનો આ સતત પ્રયાસ છે કે, ગરીબો હોય કે મધ્યમ વર્ગ હોય – તેને શ્રેષ્ઠ સારવાર પણ મળે અને તેમને બચત પણ થાય. આયુષ્માન ભારત યોજનાના કારણે ગરીબોને એક લાખ કરોડ રૂપિયાના ખર્ચની બચત થઈ છે. જન ઔષધિ કેન્દ્રોમાં 80 ટકા ડિસ્કાઉન્ટ પર દવા મળવાથી ગરીબો અને મધ્યમ વર્ગને 30 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થવામાં બચત થઈ છે. એટલે સરકારે જીવન તો બચાવ્યું, એટલો બોજ પણ ગરીબો અને મધ્યમ વર્ગ પર પણ પડતાં બચાવ્યો છે. ઉજ્જ્વલા યોજનાથી પણ ગરીબ પરિવારોને 70 હજાર કરોડ રૂપિયાથી વધારેની બચત થઈ છે. અમારી સરકારે જે ડેટા સસ્તો કર્યો છે, એના કારણે પણ મોબાઇલનો ઉપયોગ કરતાં દરેકને લગભગ 4 હજાર રૂપિયાની દર મહિને બચત થઈ રહી છે. કરવેરા સાથે જોડાયેલા જે વિવિધ સુધારા થયા છે, તેના કારણે પણ કરદાતાઓને લગભગ અઢી લાખ કરોડ રૂપિયાની બચત થઈ છે.

સાથીદારો, હવે અમારી સરકારે અન્ય એક એવી યોજના લઈને આવી છે, જેનાથી આગામી વર્ષોમાં અનેક કુટુંબોની બચતમાં વધારો થશે. અમે વીજળીનું બિલ ઝીરો કરવામાં લાગ્યા છીએ અને વીજળીથી કુટુંબોની આવકની પણ વ્યવસ્થા કરી રહ્યા છીએ. પ્રધાનમંત્રી સૂર્ય ઘર – મફત વીજળી યોજનાના માધ્યમથી અમે દેશના લોકોની બચત પણ કરીશું અને આવક પણ કરાવીશું. આ યોજના સાથે સંબંધિત લોકોને 300 એકમ સુધી મફત વીજળી મળશે અને બાકીની વીજળી સરકાર ખરીદશે, તમને રૂપિયા આપશે.

# રાષ્ટ્રીય અધિવેશન - દિલ્હી

## પ્રસ્તાવ-1
## વિકસિત ભારત મોદીની ગેરંટી

### 10 વર્ષની સિદ્ધિઓ અને મોદીની ગેરંટી



ઘણી સરકારોના કાર્યકાળ દરમિયાન, 1-2 ઐતિહાસિક ઘટનાઓ બને છે જે યાદ રાખવા જેવી હોય છે, પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારના 10 વર્ષમાં, આવી સેંકડો ઐતિહાસિક ઘટનાઓ બની, જેણે ન માત્ર બે તૃતીયાંશ લોકોનું જીવનધોરણ ઊંચું કર્યું સાથે સાથે દેશની અર્થવ્યવસ્થાને પણ વેગ આપ્યો. બધા રેકોર્ડ તૂટી ગયા, દેશ પહેલાં કરતાં વધુ સુરક્ષિત અને નિર્ણાયક બન્યો, દેશે વિશ્વમાં નેતૃત્વનો નવો અધ્યાય પણ ઉમેર્યો. આજે જ્યારે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બોલે છે ત્યારે આખી દુનિયા સાંભળે છે. છેલ્લાં 10 વર્ષમાં દેશે અમર્યાદિત સિદ્ધિઓનો અનુભવ કર્યો છે, તેનું વર્ણન થોડા શબ્દોમાં કરવું શક્ય નથી. દરેક સિદ્ધિ પર એક આખું પુસ્તક લખી શકાય. દેશ એ નિર્ણાયક ક્ષણોનો સાક્ષી પણ બન્યો જ્યારે એવા નિર્ણયો લેવામાં આવ્યા જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. કલમ 370 નાબૂદી, અયોધ્યામાં ભગવાન શ્રી રામમંદિરનું નિર્માણ અને તેમાં રામલલ્લાની હાજરી, ટ્રિપલ તલાક નાબૂદી, જીએસટીનો અમલ, નાગરિકતા સુધારો કાયદો, નવું સંસદ ભવન, સંસદ ભવનમાં સેંગોલની સ્થાપના, નારીશક્તિ વંદન કાયદો, ઇન્ડિયન જ્યુડિશિયલ કોડ, ચંદ્રયાન જેવી ઘણી સિદ્ધિઓ થઈ, જે ઇતિહાસમાં સુવર્ણઅક્ષરે લખવામાં આવશે. સ્વચ્છ ભારત અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો, નમામી ગંગે અને G20એ દેશમાં ભાગીદારીનો એક નવો અધ્યાય શરૂ કર્યો. કોવિડ મેનેજમેન્ટમાં જનભાગીદારી અને સરકારના મેનેજમેન્ટની વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે. હજાર વર્ષ પછી પણ જ્યારે લોકો ચર્ચા કરશે, ત્યારે તેઓ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં આ કાલાતીત સમયગાળાની ચર્ચા કરતાં થાકશે નહીં.

'મોદી ગેરંટી' એ આપણી સરકારમાં સ્વચ્છતા કવરેજને 40% થી વધારીને 100% કર્યો છે. અમે **17 કરોડ**થી વધુ ગેસ કનેક્શન આપ્યાં. અમે શહેરી ગરીબો માટે **4 કરોડ** ઘર બનાવ્યાં. આજે **50 કરોડ**થી વધુ લોકોનાં બેંક ખાતાં છે. આ બેંક ખાતાંઓમાં **2 લાખ 8 હજાર 855 કરોડ** રૂપિયા જમા છે. જન ધન, આધાર અને મોબાઈલથી માત્ર સરકારી યોજનાઓના લાભાર્થીઓમાં થતી લીકેજને દૂર કરવામાં આવી નથી, પરંતુ તમામ લાભાર્થીઓ કોઈ પણ વચેટિયા વગર તેમના ખાતામાં તેમનાં નાણાં સીધાં મેળવી રહ્યા છે. આમાંથી અડધાં બેંક ખાતાં મહિલાઓનાં છે. **13.91 કરોડ**થી વધુ પરિવારોને નળમાંથી પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. **55 કરોડ**થી વધુ ગરીબ લોકોને આયુષ્માન ભારત કાર્ડ મળ્યું છે. **11 કરોડ**થી વધુ શૌચાલય બનાવવામાં આવ્યાં છે. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ **80 કરોડ** લોકોને મફત અનાજ આપવામાં આવ્યું છે. હવે તેને આગામી **5 વર્ષ** માટે લંબાવવામાં આવી છે. બાજરીના પ્રચારથી દેશના **3 કરોડ**થી વધુ નાના ખેડૂતોને ફાયદો થયો છે. ભાજપની રાષ્ટ્રીય પરિષદ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ ગરીબ કલ્યાણ યોજના માટે હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં દેશ પહેલાં કરતાં વધુ સુરક્ષિત બન્યો છે અને આતંકવાદ પર જોરદાર હુમલો



કરવામાં આવ્યો છે. ભારતે આતંકવાદ પર સર્જિકલ અને હવાઈ હુમલા કર્યા, પરંતુ વિપક્ષે સેનાના જવાનોની બહાદુરી પર સવાલ ઉઠાવ્યા. આ એ નવું ભારત છે જેના લીધે અભિનંદન પાકિસ્તાનથી અને આપણા ભૂતપૂર્વ મરીન કે જેમને કતારમાંથી મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી, તે લોકો પાછા ફરે છે. આજે વિશ્વના કોઈપણ ખૂણામાં રહેતા ભારતીયોને વિશ્વાસ છે કે તેઓ કોઈપણ મુશ્કેલીમાં ફસાઈ જશે તો શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર તેમને ચોક્કસપણે બહાર કાઢશે. અમે રશિયા-યુક્રેન યુદ્ધ, ઇરાક, સીરિયા, યમન અને કોવિડ દરમિયાન તેના હોલમાર્ક જોયા. ભાજપની આ રાષ્ટ્રીય પરિષદ દેશને ઉજ્જ્વળ નેતૃત્વ આપવા બદલ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

કોંગ્રેસની સરકારોએ 40 વર્ષ સુધી ઓબીસી કમિશનને બંધારણીય માન્યતા ન આપીને પછાત વર્ગોને અન્યાય કર્યો, શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે તેના પ્રથમ કાર્યકાળમાં જ OBC કમિશનને બંધારણીય માન્યતા આપીને પછાત વર્ગોનું સન્માન કર્યું. કોંગ્રેસની સરકારોએ 'વન રેન્ક, વન પેન્શન'ને 40 વર્ષ સુધી હોલ્ડ પર રાખ્યું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ એક જ ઝાટકે 'વન રેન્ક, વન પેન્શન'નો અમલ કરીને દેશની સેવામાં પૂરા દિલથી કામ કરનારા ભૂતપૂર્વ સૈનિકોને ન્યાય આપ્યો. આપણે એ સમય પણ જોયો જ્યારે ગૃહમાં કોંગ્રેસની સરકારના એક વડા પ્રધાને સુપ્રીમ કોર્ટના આદેશ છતાં શાહબાનોને અન્યાય જ નહીં, ટ્રિપલ તલાકને મંજૂરી આપીને દેશની કરોડો મુસ્લિમ મહિલાઓને અન્યાય થવા દીધો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'ટ્રિપલ તલાક' ખતમ કરીને મુસ્લિમ બહેનોને ન્યાય અપાવ્યો છે. અગાઉ મહિલાઓને સેનામાં કાયમી સ્થાન મળતું ન હતું. આપણી સરકારે ભારતીય સેનામાં મહિલા અધિકારીઓને કાયમી સ્થાન આપ્યું છે.

કોંગ્રેસ સરકારોએ સરહદોનો વિકાસ ન કરવાની વ્યૂહરચના અપનાવી, જેનાથી દેશને ભારે નુકસાન થયું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરહદી માળખાને મજબૂત બનાવ્યું એટલું જ નહીં, પરંતુ વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ યોજના દ્વારા દેશના દરેક નાગરિકને સરહદી ગામડાંઓમાં રહેતા તેમના ભાઈઓ સાથે જોડ્યા અને સરહદી વિસ્તારોમાં રહેતા લોકો સાથે થતા અન્યાયનો અંત આણ્યો. ભાજપની આ રાષ્ટ્રીય પરિષદ તેના સર્વોચ્ચ નેતા, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે, જેઓ દેશને માર્ગદર્શન આપે છે.

## કલમ 370 નાબૂદી

વોટ બેંક અને કોંગ્રેસના તુષ્ટીકરણના લોભમાં કલમ 370 અને 35Aએ એ જમ્મુ અને કાશ્મીરને ભારતથી અલગ કરી દીધાં હતાં. જનસંઘની શરૂઆતથી જ અમે દેશમાં બે બંધારણ, બે વડા અને બે બંધારણની વિરુદ્ધ હતા. આપણા સંસ્થાપક અને ભારત માતાના પુત્ર ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ આ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. જમ્મુ અને કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવા માટે અમારા હજારો કાર્યકરોએ યોગદાન આપ્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આ અન્યાયનો અંત લાવ્યા અને જમ્મુ-કાશ્મીરના નાગરિકોને ન્યાય અપાવ્યો. દેશમાં એક રાષ્ટ્ર, એક બંધારણનું સપનું સાકાર થયું. આજે લાલચોક પર તિરંગો ગર્વભેર લહેરાયો છે.

જમ્મુ-કાશ્મીરમાં દેશના કાયદા લાગુ પડતા નથી. જમ્મુ અને કાશ્મીરમાંથી ભયાનક હિજરતએ દરેક ભારતીયના હૃદયને હચમચાવી નાખ્યું હતું. અનુચ્છેદ 370 અને 35A એ જમ્મુ અને કાશ્મીરને એક એવું રાજ્ય બનાવ્યું જ્યાં આતંકવાદ અને અલગતાવાદ ખુલ્લેઆમ વિકસી રહ્યા હતા અને ભારતીય ધ્વજ ઊંચો કરવાની કોઈની હિંમત નહોતી. 370 નાબૂદ થયા બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓનું નેટવર્ક નષ્ટ થઈ ગયું છે. પથ્થરમારો અને હિંસા જેવી બાબતો હવે ખતમ થઈ ગઈ છે. જેના કારણે રાજ્યમાં રેકોર્ડ **1.88 કરોડ** પ્રવાસીઓ આવ્યા અને પ્રવાસન ક્ષેત્રે વધારો થયો છે. 2018માં જમ્મુ-કાશ્મીરમાં 199 યુવાનો આતંકવાદી બન્યા હતા, જે 2023માં ઘટીને 12 થઈ ગયા છે. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા 3 દાયકાની અશાંતિ બાદ સામાન્ય લોકો સામાન્ય જીવન જીવી રહ્યા છે. કલમ 370 નાબૂદ થયા બાદ લોકો રાજ્યમાં શાંતિ અને વિકાસ અનુભવી રહ્યા છે. હવે ત્યાં કેન્દ્રીય કાયદાનો અમલ કરવામાં આવી રહ્યો છે. ઉદ્યોગપતિઓ ત્યાં રોકાણ કરવા માંગે છે. પ્રવાસન પણ વધી રહ્યું છે. પહેલાં ત્યાંના હાઈકોર્ટના જજો રાજ્યના બંધારણ પર શપથ લેતા હતા. હવે તેમની પાસે દેશના બંધારણને લાગુ કરવાની જવાબદારી છે. ભાજપની આ રાષ્ટ્રીય પરિષદ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જમ્મુ અને કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવા અને આતંકવાદ અને



અલગતાવાદને ખતમ કરીને વિકાસના પ્રવાહમાં લાવવા બદલ હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## અયોધ્યામાં ભવ્ય શ્રી રામમંદિર

તેની શરૂઆતથી જ ભારતીય જનતા પાર્ટી અયોધ્યામાં ભગવાન શ્રી રામના જન્મસ્થળ પર રામલલ્લાના ભવ્ય મંદિરના નિર્માણ માટે પ્રતિબદ્ધ હતી. આપણામાંથી કોઈએ વિચાર્યું ન હતું કે એવો સમય આવશે જ્યારે અયોધ્યામાં ભવ્ય મંદિર બનશે અને રામલલ્લા તેના ઘરમાં બિરાજમાન થશે, પરંતુ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દરેક ભારતીયનું સ્વપ્ન સાકાર થયું. અને તે એક અવિસ્મરણીય તારીખ હતી. 22 જાન્યુઆરી, 2024 એ પણ આવી ગઈ જ્યારે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું ઉદ્‌ઘાટન થયું અને મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામની બાળસ્વરૂપ મૂર્તિ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી રામમંદિરમાં રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવને લોકોનો ઉત્સવ બનાવ્યો. તેમણે 11 દિવસ સુધી તમામ નિયમોનું પાલન કરીને સનાતન સંસ્કૃતિની સૌથી મોટી ધાર્મિક વિધિનું આદર્શ ઉદાહરણ સ્થાપિત કર્યું એટલું જ નહીં, પરંતુ તેમણે **11 દિવસ** સુધી ભગવાન શ્રી રામ સાથે જોડાયેલા દરેક મંદિરની મુલાકાત લીધી અને તેમના આશીર્વાદ મેળવ્યા. તેમના આહ્વાન પર, સ્વચ્છ તીર્થસ્થળ અભિયાને થોડા દિવસોમાં દેશનાં તમામ મુખ્ય આસ્થાનાં કેન્દ્રોને નવજીવન આપ્યું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, ભગવાન શ્રી રામના મંદિરનું જ નિર્માણ થયું નથી, પરંતુ તેમણે છેલ્લાં 10 વર્ષોમાં રામરાજ્યની કલ્પનાને સાચા અર્થમાં અમલમાં મૂકી છે. ભવિષ્યમાં જ્યારે પણ કોઈ ચર્ચા થશે, ત્યારે ઇતિહાસકારો આ સમયને ભારતની સભ્યતાના વારસાની સતત પુનઃશોધમાં એક સીમાચિહ્નરૂપ ગણશે. આ રાષ્ટ્રીય મહાઅધિવેશન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ભૂમિપૂજન પછી **4 વર્ષ**થી ઓછા સમયમાં રામલલ્લાને તેમના મંદિરમાં બિરાજમાન કરવા માટે હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## G-20નું સફળ સંગઠન

ગયા વર્ષે, ભારતે G-20 સમિટની યજમાની કરીને અને વિશ્વ માટે ખૂબ જ મુશ્કેલ સમયમાં તેને સફળ બનાવીને ઇતિહાસ રચ્યો હતો. ભારતનો આતિથ્ય સત્કાર અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની અદ્‌ભુત યજમાની અને નવી દિલ્હી લીડર્સ ડિક્લેરેશન (NDLD)ને સર્વસંમતિથી સ્વીકારવા બદલ સમગ્ર વિશ્વમાં પ્રશંસા કરવામાં આવી હતી. તમામ વૈશ્વિક અગ્રણીઓને સંબોધિત કરવા અને તમામ વિકાસલક્ષી અને ભૌગોલિક-રાજકીય મુદ્દાઓ પર 100% સર્વસંમતિ મેળવવી એ કોઈ સરળ કાર્ય ન હતું, પરંતુ ભારતે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં તે કર્યું. એટલું જ નહીં, આ સમિટમાં, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ પર, આફ્રિકન યુનિયન પણ G-20નું અભિન્ન અંગ બન્યું. ભારત ગ્લોબલ સાઉથનો અવાજ બન્યો. આદરણીય વડાપ્રધાને G-20 ને લોકોનો કાર્યક્રમ બનાવ્યો. સમગ્ર વિશ્વએ ભારતની યજમાનીની પ્રશંસા કરી. ભાજપની રાષ્ટ્રીય પરિષદ દેશને આ મહાન સિદ્ધિ આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## વિધાનસભા ચૂંટણી અને પેટાચૂંટણી

છેલ્લાં 10 વર્ષોમાં, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, દેશે જનતામાં 'એન્ટી ઈન્કમ્બન્સી'ને બદલે 'પ્રો-ઈન્કમ્બન્સી'નો નવો આયામ ઊભો થતો જોયો છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારના વડા તરીકે સતત કામ કરતાં **22 વર્ષ** પૂર્ણ કર્યાં છે. તેમણે **13 વર્ષ** સુધી ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે સેવા આપી અને **10 વર્ષ**થી તેઓ દેશનું વડાપ્રધાન પદ સંભાળી રહ્યા છે. આપણે ઘણીવાર ઘણા નિષ્ણાતો પાસેથી સાંભળીએ છીએ કે કોવિડ પછી, વિશ્વભરમાં સરકારો પરનો વિશ્વાસ ઓછો થયો છે, પરંતુ ભારતમાં, લોકોનો ભારત સરકાર પરનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. દેશની જનતાને આપણી સરકારના ઉદ્દેશ્ય અને પ્રતિબદ્ધતા બંનેમાં સંપૂર્ણ વિશ્વાસ છે. તેથી, આપણી સરકારમાં પ્રો-ઇન્કમ્બન્સી બનાવવામાં આવી હતી, કારણ કે આપણી સરકારે શાસનમાં જનભાવનાઓને પ્રાથમિકતા આપી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર દેશવાસીઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને તેણે લોકોની જરૂરિયાતો અને સપનાં બંનેને પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરિણામ એ આવ્યું કે છેલ્લાં 10 વર્ષમાં દેશમાં યોજાયેલી મોટાભાગની લોકસભા ચૂંટણી, વિધાનસભાની ચૂંટણી, પેટાચૂંટણી કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં દેશની



જનતાએ ભારતીય જનતા પાર્ટીને વારંવાર તેમના આશીર્વાદ આપ્યા છે. ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, છત્તીસગઢ, બિહાર, આસામ, ત્રિપુરા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મેઘાલય – દરેક જગ્યાએ દેશની જનતાએ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અને ભાજપને મત આપી સેવાની તક આપી.

દેશની જનતાએ જ્યાં-જ્યાં કોંગ્રેસને ચૂંટી કાઢી, થોડા જ દિવસોમાં તેઓ કોંગ્રેસની સરકારોથી મોહભંગ થઈ ગયા અને ત્યાંથી પાછા ફર્યા. છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન આના સાક્ષી છે. જ્યાં સુધી ભાજપ સત્તામાં આવી શક્યું નથી ત્યાં પણ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપે તેની કામગીરીથી સૌને ચોંકાવી દીધા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપે **3 થી 77 બેઠકો** સુધી સફર કરી અને મુખ્ય વિપક્ષી પાર્ટી બની, તેલંગાણામાં ભાજપે **1 થી 8** સુધીની બેઠકો મેળવી, તમિલનાડુ અને કેરળની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું અને પુડુચેરીમાં પણ ભાજપની સરકાર બની. ભાજપના સાંસદો સિક્કિમ, નાગાલેન્ડ અને પુડુચેરીમાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા.

ગયા વર્ષે દેશનાં 9 રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી, જેમાંથી 6 રાજ્યો - મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં ભાજપની સરકાર બની હતી. આ ચૂંટણીઓએ બતાવ્યું છે કે દેશની જનતાને માત્ર 'મોદીની ગેરંટી'માં જ વિશ્વાસ છે. ચૂંટણી પરિણામોએ અહંકારી ગઠબંધન દ્વારા સમાજમાં વિભાજનની જાતિ આધારિત રાજનીતિને પણ યોગ્ય જવાબ આપ્યો. મધ્યપ્રદેશમાં ભાજપે **48.62%** વોટ શેર સાથે **230** માંથી **163** બેઠકો જીતીને રેકોર્ડ જીત નોંધાવી છે. કોંગ્રેસ માત્ર **66** થઈ ગઈ હતી. છત્તીસગઢમાં ભાજપે **90માંથી 54** બેઠકો જીતી છે. ભાજપને **46.27** ટકા વોટ મળ્યા છે. રાજસ્થાનમાં પણ ભાજપે **115** બેઠકો જીતીને કોંગ્રેસ પાસેથી સત્તા છીનવી લીધી. નોર્થ-ઈસ્ટમાંથી કોંગ્રેસનો ફરી એકવાર સફાયો થઈ ગયો. ભારતીય જનતા પાર્ટીનું આ રાષ્ટ્રીય પરિષદ આ ભવ્ય વિજય માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હૃદયપૂર્વક અભિનંદન અને અભિવાદન કરે છે. રાષ્ટ્રીય મહાઅધિવેશન રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીને પણ આ ભવ્ય જીત માટે અભિનંદન પાઠવે છે.

## વિકસિત ભારત સંકલ્પયાત્રા

ભારતે નવેમ્બર-ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં સમગ્ર દેશમાં વિકાસ ભારત સંકલ્પયાત્રાનું સફળ આયોજન જોયું છે. મોદીનું ગેરંટી વાહન ગામડે ગામડે જતું અને ગામમાં રહી ગયેલા કોઈપણ લાભાર્થીની શોધખોળ કરતાં. અને દેશભરનાં લાખો ગામડાંઓમાં ભારત સરકાર સીધી તેમની પાસે ગઈ છે, આઝાદીનાં 75 વર્ષમાં આવું પહેલીવાર બન્યું છે. આ યાત્રા દરમિયાન **50 લાખથી વધુ** આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં હતાં. વીમા યોજના માટે **50 લાખથી વધુ** લોકોએ અરજી કરી હતી. પીએમ કિસાન યોજનામાં **33 લાખથી વધુ** નવા લાભાર્થીઓ જોડાયા છે. કિસાન ક્રેડિટ કાર્ડમાં **25 લાખથી વધુ** નવા લાભાર્થીઓ ઉમેરાયા છે. **22 લાખથી વધુ** નવા લાભાર્થીઓએ મફત ગેસ કનેક્શન માટે અરજી કરી છે. PM સ્વાનિધિના લાભો મેળવવા માટે **10 લાખથી વધુ** લોકોએ અરજી કરી હતી. આ કરોડો અને લાખોની સંખ્યા કોઈ વ્યક્તિ માટે માત્ર આંકડા હોઈ શકે છે, પરંતુ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે આ સંખ્યા માત્ર આંકડા નથી, તે એક હકીકત છે. આવા સંવેદનશીલ અને સફળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અમે હૃદયપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ.

## શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં દેશની મહાન સનાતન સંસ્કૃતિ માટે આદર

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના મંચ પર ભારતના સાંસ્કૃતિક વારસાને સન્માન આપવાનું કામ કર્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ યોગ, આયુર્વેદ અને ભારતીય ભાષાઓના સંરક્ષણ તેમજ કાશી વિશ્વનાથ કોરિડોર, મહાકાલ કોરિડોર, કરતારપુર કોરિડોર, કાશીમાં પાવાગઢ શક્તિપીઠ અને કેદારનાથ જેવાં સાંસ્કૃતિક કેન્દ્રોના પુનઃનિર્માણ માટે સખત મહેનત કરી હતી. બદ્રીનાથ અને સોમનાથ ધામ તેની ચરમસીમાએ પહોંચી ગયું છે. આજે તેમના નેતૃત્વમાં ભારતની મહાન સાંસ્કૃતિક ધરોહરનો અવાજ સમગ્ર વિશ્વમાં સંભળાઈ રહ્યો છે. માત્ર ત્રણ દિવસ પહેલાં, આદરણીય વડા પ્રધાને અબુ ધાબી (સંયુક્ત આરબ અમીરાત)માં એક ભવ્ય મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ બદલાતા ભારતનું પ્રતીક છે. આજે જ્યારે પણ કોઈ વિદેશી રાજ્યના વડા અહીં આવે



છે અથવા આપણા વડાપ્રધાન અન્ય દેશોની મુલાકાતે જાય છે, ત્યારે તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતા, તુલસીનો છોડ અથવા ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધિત પ્રતીકો રજૂ કરે છે. આ રાષ્ટ્રીય સંમેલન દેશની સાંસ્કૃતિક ચેતનાને પુનઃસ્થાપિત કરનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે.

## ભારત રત્ન અને પદ્મશ્રી સન્માન

દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન હોય કે પદ્મ પુરસ્કાર, આઝાદી પછી પ્રથમ વખત તે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર હેઠળ 'એલિટ કેટેગરી'માંથી બહાર આવ્યું છે. પદ્મ પુરસ્કારો હવે આવા અજાણ્યા સમાજસેવકોને આપવામાં આવી રહ્યા છે, તેઓ સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલી જાતિઓ અને સમુદાયો સુધી પહોંચી રહ્યા છે, જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. હવે આ એવોર્ડ પાર્ટી, વિચારધારા કે લોબીંગના આધારે નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં તેમના યોગદાનના આધારે આપવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશના પાંચ પુત્રો, જનનાયક કર્પૂરી ઠાકુરજી (મરણોત્તર), ભૂતપૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહજી (મરણોત્તર) ખેડૂતોના કલ્યાણને સમર્પિત, ભૂતપૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહ રાવજી (મરણોત્તર), પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. ભાજપનું રાષ્ટ્રીય મહાઅધિવેશન સ્વામીનાથનજી (મરણોત્તર) અને દેશના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન, આદરણીય લાલકૃષ્ણ અડવાણીજીને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કરવાના નિર્ણયનું સ્વાગત કરે છે, જેમણે ઇમરજન્સી સામે લોકશાહી માટે લડત આપી હતી. આના માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને અભિનંદન.

## નવું સંસદ ભવન

ગત વર્ષે દેશ ગુલામીમાંથી આઝાદ થયો અને નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન પણ જોયું. અમે આ નવા 'અત્યાધુનિક' સંસદ ભવનમાં ન્યાયના પ્રતીક સેંગોલનું સ્થાપન પણ જોયું. પરંતુ રાષ્ટ્રીય મહત્વ અને લોકશાહીના આ ભવ્ય મંદિરના ઉદ્ઘાટનનો પણ કોંગ્રેસ સહિત 'ભારતીય ગઠબંધન' દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો, જે ખૂબ જ નિંદનીય ઘટના હતી. કોંગ્રેસની સરકાર વખતે જ નવું સંસદ ભવન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. નવું સંસદ ભવન એ 'આત્મનિર્ભર ભારત'ના વિઝનનો એક અભિન્ન ભાગ છે અને આઝાદી પછી પહેલીવાર લોક સંસદ બનાવવાની એક અદ્ભુત તક હશે, જે 'નવા ભારત'ની જરૂરિયાતો અને આકાંક્ષાઓને અનુરૂપ હશે. વિક્રમી સમયમાં દેશને નવું સંસદ ભવન આપવા બદલ અમે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ.

## નારીશક્તિ વંદન અધિનિયમ

મહિલાઓના કલ્યાણ અને ઉત્થાન માટે જેટલું કામ થયું છે એટલું શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં ક્યારેય થયું નથી. 27 વર્ષથી લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે અનામતની માંગ કરવામાં આવી રહી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે 'અમૃતકાલ'માં નવા સંસદ ભવનમાં પ્રવેશતાંની સાથે જ મહિલાઓનું સશક્તિકરણ કરવાના ઉદ્દેશ્ય સાથે 'નારીશક્તિ વંદન અધિનિયમ 2023' પસાર કરીને ઈતિહાસ રચ્યો છે. ચોક્કસપણે આ નવા અને વિકસિત ભારતનું પ્રતિબિંબ છે. જે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓ પ્રત્યેની કૃતજ્ઞતા દર્શાવે છે. ભારતમાં નારીશક્તિ રાષ્ટ્રને મજબૂત બનાવે છે અને સમાજને ટકાવી રાખે છે અને દેવી 'માતા'ની જેમ હંમેશા તેનું પાલન-પોષણ કરે છે. જો મહિલાઓ દેશને આગળ લઈ જવાનો સંકલ્પ કરે તો દુનિયાની કોઈ શક્તિ તેમને હરાવી શકે તેમ નથી. મહિલાઓના સશક્તિકરણ માટે આ ઐતિહાસિક કાયદો પસાર કરવા બદલ ભાજપનું રાષ્ટ્રીય મહાઅધિવેશન પ્રસિદ્ધ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## અવકાશમાં દેશની ઉડાન

ભારતે 2023માં અવકાશ ક્ષેત્રે પણ ઘણા રેકોર્ડ બનાવ્યા. ચંદ્રયાન-III એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. ભારત આમ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. આ દરેક ભારતીય માટે ગર્વની વાત છે. માત્ર ચાર વર્ષમાં ચંદ્રયાન-III મિશનની સફળતા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થન વિના શક્ય ન બની હોત. એટલું જ નહીં, ભારતે સૂર્યનો અભ્યાસ કરવા માટે આદિત્ય એલ-1 મિશનને સફળતાપૂર્વક લોન્ચ કરીને અને તેને લેંગર પોઈન્ટ પર મૂકીને વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. આમ કરવાથી, ભારત એવા કેટલાક દેશોમાંનો એક બની ગયો જેણે સૂર્યના અભ્યાસ માટે સફળતાપૂર્વક મિશન શરૂ કર્યું છે. ભાજપનું રાષ્ટ્રીય



મહાઅધિવેશન આ મહાન સિદ્ધિઓ માટે દેશના વૈજ્ઞાનિકોનો આભાર માને છે અને આપણા વડાપ્રધાનને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## દરેક વર્ગનું કલ્યાણ

એક તરફ 'ભારતીય ગઠબંધન' જાતિ આધારિત વિભાજનકારી રાજનીતિ કરવામાં વ્યસ્ત છે, તો બીજી તરફ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં માત્ર ચાર જ જાતિઓ છે - ગરીબ, ખેડૂત, યુવાનો અને મહિલાઓ. દેશના ગરીબો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની દરેક યોજનાના કેન્દ્રમાં છે. આ માત્ર તેમને સશક્ત બનાવશે જ નહીં પરંતુ દેશને વિશ્વમાં અગ્રેસર બનાવવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવશે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે આગામી પાંચ વર્ષ માટે **81 કરોડથી વધુ** લોકોને મફત અનાજ આપવાનું નક્કી કર્યું છે. સંભવતઃ, આ ઇતિહાસમાં તેના પ્રકારનો સૌથી મોટો લોકકલ્યાણ કાર્યક્રમ છે. ભાજપનું રાષ્ટ્રીય મહાઅધિવેશન જાતિ, પરિવાર અને જ્ઞાતિના રાજકારણને ખતમ કરીને 'સબકા સાથ, સબકા વિકાસ'ના સિદ્ધાંત પર દેશના સર્વાંગી અને સર્વસમાવેશક વિકાસ માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

## ભારતીય ન્યાયિક સંહિતા

દેશ આઝાદ થયો ત્યારથી અંગ્રેજોના જમાનામાં અમલમાં આવેલા કાયદાઓમાં ફેરફારની જરૂરિયાત અનુભવાઈ રહી હતી. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન શ્રી અમિત શાહે તેને નાબૂદ કરી અને તેને 'ભારતીય ન્યાયિક સંહિતા 2023' સાથે બદલી નાખી. ભારતીય ન્યાયિક સંહિતા 2023 1860ના જૂની દંડ સંહિતાનું સ્થાન લેશે. ગુલામીમાંથી આઝાદીની યાત્રામાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ભાજપની રાષ્ટ્રીય પરિષદ આ ઐતિહાસિક પરિવર્તનને આવકારે છે અને આ માટે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ જીને અભિનંદન પાઠવે છે ત્યારે તે તેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ

સદીઓથી, બાજરી એટલે કે બરછટ અનાજ (શ્રી અન્ન) એ ભારતનો મુખ્ય આહાર રહ્યો, પરંતુ ધીમે ધીમે આ બરછટ અનાજ સંપૂર્ણપણે હાંસિયામાં ધકેલાઈ ગયું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ પર, 2023ને બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. આદરણીય વડાપ્રધાને મિલેટ્સને 'શ્રી અન્ન' કહીને આવકાર્યું. ગ્લોબલ મિલેટ્સ (શ્રી અન્ન) કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. એશિયામાં ઉગાડવામાં આવતી બાજરીના **80 ટકાથી વધુ** ઉત્પાદન ભારતમાં થાય છે. આનાથી ભારતના નાના ખેડૂતોને ઘણો ફાયદો થશે, અને લોકોને સ્વસ્થ રાખવામાં પણ મદદ મળશે. બીજેપીની રાષ્ટ્રીય મહાઅધિવેશન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને મિલેટ્સ પ્રત્યે સમગ્ર વિશ્વને એક મંચ પર લાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## ખેડૂત કલ્યાણ

કોંગ્રેસના સમયમાં કૃષિનું કુલ વાર્ષિક બજેટ **25 હજાર કરોડ** રૂપિયા હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં કૃષિ કલ્યાણ માટેનું બજેટ રૂ. **1.25 લાખ કરોડ** છે. કોંગ્રેસે તેના 10 વર્ષના કાર્યકાળ દરમિયાન ખેડૂતો પાસેથી **7 લાખ કરોડ** રૂપિયાની ડાંગર અને ઘઉંની ખરીદી કરી હતી. મોદી સરકારે 10 વર્ષમાં લગભગ **18 લાખ કરોડ** રૂપિયાની ડાંગર અને ઘઉંની ખરીદી કરી છે. કોંગ્રેસ સરકારે કઠોળ અને તેલીબિયાંની માત્ર નજીવી ખરીદી કરી હતી. અમે રૂ. **1.25 લાખ કરોડ**થી વધુનાં કઠોળ અને તેલીબિયાંની ખરીદી કરી છે. પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ **2 લાખ 80 હજાર કરોડ** રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવ્યા હતા. પીએમ પાક વીમા યોજના હેઠળ ખેડૂતોને **1.5 લાખ કરોડ** રૂપિયા આપવામાં આવ્યા છે. દેશમાં પ્રથમ વખત માછીમારો માટે અલગ મંત્રાલય અને પશુપાલન માટે અલગ મંત્રાલયની રચના કરવામાં આવી. પ્રથમ વખત, પશુપાલકો અને માછીમારોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા હતા, જેથી તેઓ ઓછા વ્યાજે બેંકોમાંથી નાણાં મેળવી શકે જેથી તેઓ તેમના વ્યવસાયનો વિસ્તાર કરી શકે. અમે પ્રાણીઓને ફૂટ એન્ડ માઉથ રોગથી બચાવવા માટે **50 કરોડ**થી વધુ રસી આપી છે, જે પહેલાં કોઈએ વિચાર્યું ન હતું. આ રાષ્ટ્રીય પરિષદ ખેડૂત કલ્યાણનો નવો અધ્યાય લખવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સ્વાગત કરે છે.

## અર્થતંત્રની ઉડાન

ભારત હાલમાં વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે. ભારતે 10 વર્ષમાં ફ્રેજીલ 5 થી ટોપ

5 સુધીની સફર કરી છે. ભારત હવે 2027 સુધીમાં **$5 ટ્રિલિયન**ની અર્થવ્યવસ્થા અને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. 'વિકસિત ભારત'નું સપનું 2047 પહેલા ચોક્કસપણે સાકાર થશે કારણ કે આ 'શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ગેરંટી' છે. આપણો જીડીપી વૃદ્ધિ દર તાજેતરનાં વર્ષોમાં સતત વિશ્વમાં સૌથી વધુ રહ્યો છે. આપણો વિદેશી મુદ્રા ભંડાર રેકોર્ડ સ્તરે છે. પીએમ ગતિ શક્તિ યોજના, પ્રોડક્ટ લિંક ઇન્સેન્ટિવ જેવી યોજનાઓએ દેશની અર્થવ્યવસ્થાને ખૂબ જ મજબૂત બનાવી છે. ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, મુદ્રા યોજના, રોજગાર મેળો, પ્રવાસન નીતિ, ડ્રોન નીતિ, સંરક્ષણ કોરિડોર, ફ્રેઈટ કોરિડોર, ઈકોનોમિક કોરિડોર જેવી ઘણી પહેલોએ દેશમાં રોજગારની વિપુલ તકો ઊભી કરી છે. રોજગાર મેળા અંતર્ગત માત્ર થોડા મહિનામાં જ 8 લાખ જેટલા યુવાનોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા છે.


બેન્કિંગ સેક્ટરમાં પ્રશંસનીય પુનરુત્થાન થયું છે અને સમગ્ર નાણાકીય ક્ષેત્રના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે. ગ્રોસ એનપીએ સપ્ટેમ્બર 2023માં **3.2%**ના દાયકાના નીચા સ્તરે છે, જે 2017-18માં તેમના **11.2%**ના ટોચના મૂલ્ય કરતાં નોંધપાત્ર રીતે નીચું છે. ભારત છેલ્લા ત્રણ વર્ષમાં **7+%** ના સતત વિકાસ દરે વૃદ્ધિ કરી રહ્યું છે. 2014-24 દરમિયાન સરેરાશ GDP વૃદ્ધિ **7.1%** છે.

2014માં લગભગ તમામ સ્માર્ટફોનની આયાત કર્યા પછી ભારતે સ્માર્ટફોનના સ્થાનિક ઉત્પાદનમાં **11 ગણો વધારો** જોયો હતો અને ગયા વર્ષે જ **1,00,000 કરોડ**થી વધુ સ્માર્ટફોનની નિકાસ કરીને વિશ્વની બીજો સૌથી મોટો સ્માર્ટફોન નિર્માતા દેશ બન્યો છે. એપલ, સેમસંગ, મોટોરોલા, ગૂગલ જેવી વૈશ્વિક સ્માર્ટફોન બ્રાન્ડ સહિત દરેક વૈશ્વિક ઇલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ ભારતને તેમનો પસંદગીનો ઉત્પાદન આધાર બનાવી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની દૂરંદેશી સેમિકોન ઈન્ડિયા નીતિઓના બળ પર, વૈશ્વિક સેમિકન્ડક્ટર જાયન્ટ્સ ભારતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સના પેકેજિંગ અને ફેબ્રિકેટિંગ માટે પ્લાન્ટ સ્થાપી રહી છે, જે ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોટિવ, ઔદ્યોગિક, ટેલિકોમ અને અન્ય ઉત્પાદન ક્ષેત્રોને વધુ પ્રોત્સાહન આપી રહી છે. . GSTમાં રાજ્યોનો હિસ્સો પણ અગાઉની સરખામણીમાં નોંધપાત્ર રીતે વધ્યો છે.

યુપીએ સરકાર દરમિયાન, અગાઉની એનડીએ સરકાર દ્વારા શરૂ કરાયેલા તમામ માળખાકીય પ્રોજેક્ટ્સમાં ભારે મંદી જોવા મળી હતી, પછી તે સુવર્ણ ચતુર્ભુજ હોય, ગ્રામ સડક યોજના હોય કે ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ કોરિડોર હોય. ખાનગી અને જાહેર બંને ક્ષેત્રોમાં ઘણા મોટા અને મહત્વાકાંક્ષી માળખાકીય પ્રોજેક્ટ્સ કાં તો સતત 'નિર્માણ હેઠળ' સ્થિતિમાં હતા અથવા બંધ થઈ ગયા હતા. સરયુ કેનાલ (43 વર્ષ પછી પૂર્ણ) જેવી મોટી સંખ્યામાં ખોવાયેલા અને વિલંબિત માળખાકીય પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ થયા છે. બોગીબીલ બ્રિજ (16 વર્ષ પછી), કોસી બ્રિજ (86 વર્ષ પછી), જોવર એરપોર્ટ (16 વર્ષ પછી), બિદર કલાબુર્ગી રેલ્વે લાઈન (17 વર્ષ પછી) યોજનાઓ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં પૂર્ણ કરવામાં આવી હતી. સરકારે કોલસાના ક્ષેત્રને અસરકારક રીતે સાફ કર્યું છે અને 'વન નેશન, વન ગ્રીડ, વન ફ્રિકવન્સી' દ્વારા ઊર્જાની જરૂરિયાત અને સપ્લાય કરવામાં આવેલ ઊર્જા વચ્ચેના તફાવતને 2013-14માં **4.2%**થી ઘટાડીને 2023-24માં માત્ર **0.3%** કરવામાં આવ્યો છે.

સરકારે મુદ્રા યોજના હેઠળ 46 કરોડથી વધુની લોન મંજૂર કરી છે, જેનાથી મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન થયું છે. સ્ટેન્ડ-અપ ઈન્ડિયા હેઠળ, લગભગ **2.15 લાખ** મહિલાઓ/SC/ST ઉદ્યોગસાહસિકોને નવા વ્યવસાયો શરૂ કરવા માટે લગભગ **49,000 કરોડ** રૂપિયાની બેંક લોન મંજૂર કરવામાં આવી હતી. PM સ્વાનિધિ યોજના હેઠળ **63.4 લાખ**થી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને કોલેટરલ-ફ્રી લોન તરીકે **₹10,000 કરોડ** આપવામાં આવ્યા છે. પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ, પરંપરાગત કલાકારો અને કારીગરોના પરિવારોને કૌશલ્ય પ્રશિક્ષણ અને કોલેટરલ-ફ્રી લોન સહિત અંત સુધી સર્વગ્રાહી સહાય પૂરી પાડવામાં આવે છે. જેના કારણે વિકાસથી દૂર રહેલી સીમાંત જાતિઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવી રહી છે. સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘદૃષ્ટિને કારણે લગભગ એક કરોડ મહિલાઓ લખપતિ દીદી બની છે. હવે આપણી સરકારે આગામી 5 વર્ષમાં 2 કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

Udyam અને Udyam Assist પોર્ટલ પર અંદાજે 3.5 કરોડ MSME નોંધાયેલા છે. MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમ હેઠળ ગેરંટી તરીકે છેલ્લાં કેટલાંક વર્ષોમાં આશરે રૂ. **25 લાખ કરોડ** (2014 પહેલાં



કરતાં 6 ગણા વધુ) મંજૂર કરવામાં આવ્યા છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામ ભારતમાં આઈડિયાથી ઈનોવેશન સુધીનું લોન્ચપેડ બની ગયું છે. સંરક્ષણ ક્ષેત્રે ભારતે અત્યાર સુધીના તેના તમામ નિકાસ રેકોર્ડ તોડી નાખ્યા છે. પહેલીવાર રાફેલ અમારા ફાઈટર ફ્લીટમાં સામેલ થયું. આઝાદીનાં 70 વર્ષ પછી પણ દેશના **18 કરોડ** ગામડાંઓમાં વીજળી નહોતી. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે દરેક ગામ અને દરેક ઘરને વીજળીથી જોડ્યાં છે.

2014માં દેશમાં માત્ર નજીવા સ્ટાર્ટ-અપ હતાં, આજે **1 લાખ 20 હજાર 310** સ્ટાર્ટ-અપ છે. મતલબ કે, આઝાદીના 70 વર્ષમાં દેશમાં માત્ર થોડાક સ્ટાર્ટ-અપ્સની રચના થઈ હતી, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારના માત્ર 10 વર્ષમાં લગભગ **1 લાખ 20 હજાર** સ્ટાર્ટ-અપ્સની રચના થઈ હતી. આનો અર્થ એ થયો કે મોદી સરકારના દરેક વર્ષમાં દેશમાં **12 હજાર** સ્ટાર્ટ-અપ્સ બન્યા.

2016માં, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી દરેક ખેતરમાં પાણી આપવાની જાહેરાત કરી હતી. 2014 માં, **36.7%** જમીન સિંચાઈ હેઠળ હતી, આજે **51%** થી વધુ જમીન સિંચાઈ હેઠળ છે.

આદરણીય વડા પ્રધાને દેશના દરેક ખૂણાને 75 વંદે ભારત ટ્રેનો સાથે જોડવાની જાહેરાત પણ કરી હતી. અત્યાર સુધીમાં 41 વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે. તેમણે સૈનિક સ્કૂલ ફોર ગર્લ્સ, નેશનલ હાઈડ્રોજન મિશનની પણ જાહેરાત કરી હતી. દરેક યોજના પર કામ ચાલી રહ્યું છે.

કોંગ્રેસની સરકારમાં દરરોજ લગભગ **69 કિલોમીટર**ના રસ્તાઓ બનાવવામાં આવતા હતા, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં દરરોજ **130 કિલોમીટર**ના રસ્તાઓ બની રહ્યા છે. 2014માં દેશમાં રેલવે લાઇનની કુલ લંબાઈ **22,048 કિમી** હતી જે માત્ર 10 વર્ષમાં વધીને **55,198 કિમી** થઈ ગઈ છે. 2014માં દેશમાં એક્સપ્રેસ વેની કુલ લંબાઈ **680 કિમી** હતી, આજે તે **4,067 કિમી** છે. 2014માં દેશની માથાદીઠ આવક **86,467 રૂપિયા** હતી, આજે તે **1,72,000 રૂપિયા** છે. આઝાદીથી લઈને 2014 સુધી દેશનાં માત્ર **55 ટકા** ગામો જ પીએમ ગ્રામ સડક યોજનાથી જોડાયેલાં હતાં, આજે 10 વર્ષમાં **4 લાખ કિલોમીટર**થી વધુ ગ્રામીણ રસ્તાઓ બનાવીને આ આંકડો **99 ટકા** સુધી પહોંચી ગયો છે. આઝાદીથી લઈને 2014 સુધી દેશમાં માત્ર **7** AIIMS હતી, આજે **22** છે. IIM ની સંખ્યા **13 થી વધીને 20**, IIT ની સંખ્યા **16 થી વધીને 23** થઈ ગઈ છે. મેડિકલ કોલેજો **387** થી વધીને **660** થઈ છે અને સીટોની સંખ્યા પણ બમણી થઈ છે.

મુદ્રા યોજના, સ્વનિધિ યોજના, સ્વાવલંબન યોજના, PLI, ગતિશક્તિ યોજના, મેક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયા જેવી પહેલોએ યુવાનોને આગળ વધવા માટે ખુલ્લું આકાશ આપ્યું. આ રાષ્ટ્રીય પરિષદ દેશને આર્થિક રીતે મજબૂત અને વિશ્વમાં અગ્રેસર બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## કોવિડ મેનેજમેન્ટ

અગાઉ આપણે કોઈપણ રોગચાળા કે રોગ માટે રસી માટે આયાત પર નિર્ભર રહેતા હતા. દેશને દાયકાઓ સુધી અનેક રોગોની રસી માટે ઝંખવું પડ્યું. કોવિડ દરમિયાન, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી, માત્ર 9 મહિનામાં બે વિશ્વકક્ષાની સ્વદેશી રસીઓ વિકસિત થઈ અને અમલમાં મૂકવામાં આવી હતી. રેકોર્ડ સમયમાં **220 કરોડ**થી વધુ ડબલ ડોઝ રસીકરણ થયા. કરોડો લોકોને કોવિડનો ત્રીજો ડોઝ પણ આપવામાં આવ્યો હતો અને સામાન્ય નાગરિકોના હિતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર દ્વારા આ સમગ્ર રસીકરણ કાર્યક્રમ 'મફત' ચલાવવામાં આવ્યો હતો. વિપક્ષે વેક્સીનની ગુણવત્તા પર દેશના વૈજ્ઞાનિકો પર તમામ પ્રકારના સવાલો ઉઠાવ્યા, પરંતુ દેશની જનતાએ તેમની વાત સાંભળી નહીં. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન પર, દેશની જનતાએ કોરોના સામે નિર્ણાયક યુદ્ધ લડ્યું, કોરોના વોરિયર્સને પ્રોત્સાહિત કર્યા અને ભાજપે 'સેવા હી સંગઠન' અભિયાન હેઠળ માનવતાની સેવાનું અનોખું ઉદાહરણ રજૂ કર્યું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કોરોનાના સમયગાળા દરમિયાન સમગ્ર ભારતની રક્ષા કરી, તેમના માટે મફત ભોજન અને દવાઓની વ્યવસ્થા કરી, ડોક્ટરો અને આરોગ્ય કર્મચારીઓ સાથે સતત વાત કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા. ભાજપના રાષ્ટ્રીય અધિવેશનને તેના સફળ વડાપ્રધાન પર ગર્વ છે.

ભારતીય જનતા પાર્ટીનું રાષ્ટ્રીય મહાઅધિવેશન તેના સર્વોચ્ચ નેતા અને દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખાતરી આપે છે કે, પાર્ટીનું સમગ્ર સંગઠન, દરેક કાર્યકર, તેમના દ્વારા બતાવેલ માર્ગને સમર્પિત



થઈ અનુસરવા માટે પ્રતિબદ્ધ છે જેથી કરીને ૨૦૨૪ સુધીમાં વિકસિત ભારત બનીને આપણું સ્વપ્ન સાકાર થાય.

## પ્રસ્તાવ-2

# ભાજપ એટલે દેશની આશા વિપક્ષ એટલે નિરાશા

ભારતીય રાજનીતિમાં નકારાત્મકતા, સંકુચિતતા અને ભ્રષ્ટાચારના કારણે વિરોધ પક્ષ પોતાનું યોગ્ય યોગદાન આપી શકતો નથી. આ વિરોધનું મુખ્ય કેન્દ્ર કોંગ્રેસ અને તાજેતરમાં રચાયેલું 'ભારત ગઠબંધન' છે જે પરસ્પર હિતો, મતભેદો અને દિશાહીન નેતૃત્વને કારણે સતત વિઘટિત થઈ રહ્યું છે. એક તરફ કોંગ્રેસ જેવી મોટી પાર્ટી અહંકારથી પીડાઈ રહી છે, તો બીજી તરફ પોકળ નૈતિકતા રજૂ કરતી 'આમ આદમી પાર્ટી'નું સમગ્ર રાષ્ટ્રીય નેતૃત્વ એક્સાઈઝ કૌભાંડમાં ફસાઈ ગયું છે. વિપક્ષની માનસિકતા એ હકીકતમાં પ્રતિબિંબિત થાય છે કે DMK નેતાઓ દ્વારા કરવામાં આવેલાં અસંયમિત નિવેદનો કોઈપણ કારણ વગર ભારતની મૂળભૂત લાગણીઓને ઠેસ પહોંચાડી રહ્યા છે. લોકશાહીની વાત કરનાર 'ઇન્ડી ગઠબંધન'ની મુખ્ય પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ દ્વારા છાવરવામાં આવેલી હિંસાએ બંગાળની મહિલાઓ અને અન્ય નાગરિકોના અધિકારો છીનવી લીધા છે.

આ એક અજીબ વિડંબના છે કે સતત બે વખત ચૂંટણી હાર્યા પછી, દેશમાં સતત ઘટી રહેલા મતદારો અને પ્રભાવનાં ક્ષેત્રો છતાં કોંગ્રેસ પાર્ટીનો અહંકાર તૂટતો નથી અને તેના નેતાઓનો ઘમંડ ચરમસીમાએ છે. તેની પરાકાષ્ઠા એટલી હદે છે કે કોંગ્રેસના અગ્રણી નેતાઓ વિદેશમાં જઈને ભારતની ભવ્ય લોકતાંત્રિક પ્રક્રિયા પર સવાલો ઉઠાવે છે અને વિદેશી હસ્તક્ષેપને પણ આમંત્રણ આપે છે. છેલ્લાં દસ વર્ષમાં જ્યારે પણ દેશમાં ગૌરવની ક્ષણો આવી છે, પછી તે GST લાગુ કરીને આર્થિક ન્યાયને મજબૂત કરવાનો માર્ગ હોય કે પછી આદિવાસી સમુદાયનાં મહિલા શ્રીમતી દ્રૌપદી મુર્મુની ભારતના સર્વોચ્ચ પદ પરની ચૂંટણી હોય, ભારતમાં નવી સંસદ ભવનનું ઉદ્ઘાટન, પવિત્ર 'સેંગોલ', ન્યાય, નીતિના પ્રતીક, G-20 જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં વિશ્વનું નેતૃત્વ કરવાની ગૌરવપૂર્ણ તક મળવી જોઈએ. અને ભારતના સાંસ્કૃતિક વારસા અને રાજનીતિના મૂલ્યો સંસદમાં સ્થાપિત કરવા જોઈએ. વિપક્ષોનું હંમેશાં વિરોધી વલણ રહ્યું છે. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે હંમેશા બહિષ્કાર કર્યો છે.

કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની માનસિકતા દર્શાવે છે કે તેમની રાજનીતિ નીતિ અને સિદ્ધાંતો પર આધારિત નથી પરંતુ તેઓ માત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ફોબિયા'થી પીડિત છે. એક તરફ, તેમની નકારાત્મક વિચારસરણીના ઘણા પુરાવા છે; બીજી તરફ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના તમામ વર્ગો સાથે સંવાદ સ્થાપિત કરીને અને તેમને સાથે લઈને દેશમાં હકારાત્મક વાતાવરણ બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે શ્રી રામલલ્લાની 'પ્રાણપ્રતિષ્ઠા'માં ભાગ લેવા માટે પોતાના અંગત જીવનમાં યમ-નિયમનું પાલન કરીને સમગ્ર ધાર્મિક વિધિને હકારાત્મક ઊર્જાથી ભરી દીધી.

દેશે 2014માં તે સમયગાળો પણ જોયો, જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએ શાસન દરમિયાન સર્વત્ર ભ્રષ્ટાચાર ફેલાયો હતો. આજે પણ જ્યારે ઝારખંડમાં 350 કરોડ રૂપિયા રોકડા પકડાય છે, તમિલનાડુમાં કરોડો રૂપિયા પકડાય છે અને છત્તીસગઢ જેવા રાજ્યમાં 'મહાદેવ'નું નામ પણ છોડ્યા વિના 'મહાદેવ એપ' પર કરોડોની છેતરપિંડી થઈ છે. તેમાં કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના નેતાઓ સંડોવાયેલા જોવા મળે છે. આ દર્શાવે છે કે કોંગ્રેસની સત્તાલાલચ અને ભ્રષ્ટાચારની ભૂખ હજુ શમી નથી.

તે કમનસીબ બાબત છે કે સંસદ ચલાવવામાં પણ વિપક્ષ દ્વારા વારંવાર મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. સંસદનું કામકાજ ખોરવાઈ ગયું એટલું જ નહીં; ઊલટાનું, બંધારણીય બેંચ પર બેઠેલા સર્વોચ્ચ વ્યક્તિઓને નીચલા સ્તરે ઉપહાસ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. આ બતાવે છે કે તેમણે વિપક્ષની સંસદીય શિષ્ટાચારની ભૂમિકાને કલંકિત કરવાનો પ્રયાસ કર્યો હતો. વિપક્ષે એ પણ જવાબ આપવો જોઈએ કે દર વખતે તેમના દ્વારા કરવામાં આવેલા આરોપોને કોર્ટે કેમ અમાન્ય જાહેર કર્યા છે. ઓબીસી સમુદાયના વડા પ્રધાનને જાતિ સંબંધિત મુદ્દાઓ પર તેમની ટિપ્પણીઓ માટે અદાલત દ્વારા સજા કરવામાં આવી હતી. કેન્દ્રીય એજન્સીની વારંવાર માંગણી કરનાર કોંગ્રેસે જણાવવું જોઈએ કે તેના નેતાઓનાં ઘરોમાં મળી આવેલા ભ્રષ્ટાચારના પૈસા સામે પક્ષ દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં છે. સૌથી મોટી વિડંબના એ છે કે યુપીએના કાળમાં દેશની અર્થવ્યવસ્થા જે વિશ્વની



પાંચ નાજુક અર્થવ્યવસ્થાઓમાં હતી તે આજે વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં પરિવર્તિત થઈ ગઈ છે. ભાજપની આ ઊજળી બાજુથી ૫મ વિપક્ષો દુખી છે. વિપક્ષની નકારાત્મક માનસિકતા દેશની લોકશાહી માટે સારી નિશાની નથી.

### કોંગ્રેસ અસ્થિરતાની જનની છે

ભારતની લોકતાંત્રિક યાત્રા એ વાતની સાક્ષી છે કે જવાહરલાલ નેહરુના સમયથી કલમ 356નો સતત દુરુપયોગ થતો રહ્યો છે અને બિનકોંગ્રેસી સરકારોને અસ્થિર કરવામાં આવી છે. તેની પરાકાષ્ઠા ત્યારે થઈ જ્યારે કોંગ્રેસે પોતાની અપ્રિયતા જોઈને દેશ પર ઇમરજન્સી લાદી. પછીથી, ઘણી સરકારોએ લોકશાહીની મજાક ઉડાવી, પછી તે ચૌધરી ચરણસિંહની સરકાર હોય, ચંદ્રશેખરની સરકાર હોય, ઇન્દ્રકુમાર ગુજરાલ હોય કે શ્રી એચ. ડી. દેવેગૌડાની સરકાર હોય, કોંગ્રેસે પોતાની કુટિલ રાજનીતિથી આ તમામ સરકારોને પછાડી દીધી. તાજેતરમાં દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકારને ટેકો આપ્યો હતો અને પછી તેનો વિરોધ કર્યો હતો, હવે તેઓ ફરીથી ભારત ગઠબંધનમાં સાથે આવ્યા છે. મમતા બેનર્જીને સૌથી ભ્રષ્ટ નેતા ગણાવનાર કોંગ્રેસ હવે તેમને ભારત ગઠબંધનનો ભાગ બનાવી રહી છે. કોંગ્રેસ ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે દોસ્તી અને દુશ્મનીની રમત રમી રહી છે. આજે જે નાના પક્ષો કોંગ્રેસના ગઠબંધનમાં જોડાયા છે તે લોકશાહીમાં કોઈ વિશ્વાસને કારણે નથી, પરંતુ તેમના પરિવારની સંપત્તિ બચાવવા માટે પ્રયાસ કરી રહેલા પક્ષો છે. તેમાં ડાબેરી-ઉદારવાદી અને ટુકડે ટુકડે ગેંગ ચલાવતા લોકો છે. જો જોવામાં આવે તો કોંગ્રેસ દેશમાં અસ્થિરતાની જનની છે.

### વિખવાદ, કડવાશ, કુટિલતા અને વ્યૂહરચનાનું સમાનાર્થી ઈન્ડી જોડાણ

ભારતીય જનતા પાર્ટીએ રાજકારણમાં પરિવારવાદનો વિરોધ કર્યો છે, કારણ કે રાજકીય પક્ષોને કુટુંબના વારસા અને ઇચ્છાના આધારે ચલાવવામાં આવવું જોઈએ નહીં, પરંતુ કોંગ્રેસ અને તેના "ઇન્ડી ગઠબંધન" પક્ષો દેશની રાજનીતિ પરિવારવાદ અને તેની ઇચ્છાના આધારે ચલાવવા માંગે છે. લોકશાહીમાં આ સ્વીકાર્ય નથી. આજે, ભારતના નાગરિકો જાણે છે કે જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએ શાસને તેની વિશ્વસનીયતા ગુમાવી દીધી હતી, 10 વર્ષોના ભ્રષ્ટાચારનાં કાળાં કાર્યોથી કલંકિત કોંગ્રેસે ખૂબ જ ચતુરાઈથી તેને નવો રંગ "ઇન્ડી ગઠબંધન" આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિધાનસભાની ચૂંટણીએ કોંગ્રેસની આ ભ્રમણાનો પણ અંત આણ્યો હતો. ભારતીય રાજકારણમાં 'સત્તા પરિવર્તન'ની વાત કરતું "ઇન્ડી ગઠબંધન" આજે વિખવાદ, કડવાશ, કુટિલતા અને તોફાનનો પર્યાય બની ગયો છે. આગામી 2024ની ચૂંટણીમાં "ઇન્ડી ગઠબંધન"ના પ્રાદેશિક પક્ષો પણ સમજી ગયા છે કે તેનો બોજ તેમના પર આવી જશે. તેથી જ પંજાબથી લઈને બંગાળ સુધી તેઓ તેનાથી છુટકારો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. 2019માં દેશના ભાગલા પાડવાનું કાવતરું કરનાર 'ટુકડે-ટુકડે ગેંગ' આજે કોંગ્રેસના સલાહકાર મંડળમાં સામેલ છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

### ઈન્ડી જોડાણનું વિચિત્ર સંયોજન

માત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિરોધ કરવા માટે રચાયેલ ભારતીય ગઠબંધનનો કોઈ સૈદ્ધાંતિક-વૈચારિક આધાર નથી. વિવિધ પક્ષો એકબીજા સામે ચૂંટણી લડે છે અને ઘણાં રાજ્યોમાં એકબીજાના રાજકીય હરીફ છે. કેરળમાં કોંગ્રેસ અને સામ્યવાદીઓ એકબીજા સામે ચૂંટણી લડે છે, પંજાબમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસ સામે ચૂંટણી લડે છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ પાર્ટી કટ્ટર હરીફ છે. તેમની વચ્ચે ન તો વૈચારિક સમાનતા છે, ન તો સંવાદિતા છે કે ન તો કોઈ સામાન્ય કાર્યક્રમ છે. તેમનું એક જ ધ્યેય છે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રોકવા.

### ગરીબવિરોધી કોંગ્રેસ

કોંગ્રેસે એક સમયે 'ગરીબી હટાવો'નો નારો આપ્યો હતો, પરંતુ તેનું કામ હંમેશા ગરીબ, દલિત, પછાત, ખેડૂતો અને મજૂરોવિરોધી રહ્યું છે. આ જ કારણ છે કે ગરીબ 'ચા વેચનાર' પરિવારમાં જન્મેલી વ્યક્તિ વડાપ્રધાન બને તે કોંગ્રેસ ક્યારેય સહન કરી શકી નથી. ગરીબોના નામે ચાલતી જનકલ્યાણની યોજનાઓમાં જંગી લૂંટના પુરાવા શરૂઆતથી જ રાજીવ ગાંધીએ આપ્યા હતા, જેમણે કહ્યું હતું કે એક રૂપિયામાંથી માત્ર 15 પૈસા જ જનતા સુધી પહોંચે છે. આ જંગી લૂંટ અને ભ્રષ્ટાચારના કારણે દેશ આઝાદી પછી પણ ઘણા દાયકાઓ સુધી વિકાસ કરી શક્યો નથી. દેશમાં ગરીબી, ભૂખમરો અને બેરોજગારીના કારણે સામાન્ય લોકો પરેશાન રહ્યા



જ્યારે કોંગ્રેસના નેતાઓ વૈભવી જીવન જીવતા રહ્યા. કોંગ્રેસને ન તો ગરીબોની જરૂરિયાતોનું જ્ઞાન હતું અને ન તો તે દેશમાંથી ગરીબી દૂર કરવા માટે ક્યારેય ગંભીર હતી. આજે ઘણી નવીન યોજનાઓ દ્વારા દેશના ગરીબમાં ગરીબને ઘર, આરોગ્ય વીમો, ગેસ સ્ટવ સિલિન્ડર, પીવાનું શુદ્ધ પાણી, વીજળી, તેમનું બેંક ખાતું ખોલવામાં આવે છે અને મફત રાશન પણ આપવામાં આવે છે. આ પ્રથમ વખત બન્યું છે કે માત્ર એક દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંવેદનશીલ અને ગરીબ તરફી નેતૃત્વ હેઠળ **25 કરોડ** લોકો બહુઆયામી ગરીબીમાંથી બહાર આવ્યા છે અને કોરોના જેવી વૈશ્વિક મહામારી પછી પણ દેશમાં અત્યંત ગરીબીનો દર 1 ટકાથી ઓછો રહ્યો છે.

## કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ભ્રષ્ટાચારમાં ઊંડે ડૂબેલા છે

શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની ભ્રષ્ટાચાર સામે ચાલી રહેલી ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ ભ્રષ્ટાચારનો સંપૂર્ણ નાશ કરવાનું અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. કોંગ્રેસ સાંસદના ઘરેથી દેશને કરોડો રૂપિયાની રોકડ મળી છે, જ્યારે વર્તમાન મુખ્યમંત્રીના દિલ્હી નિવાસસ્થાનમાંથી પણ રોકડ મળી આવી છે. દિલ્હીમાં દારૂના કૌભાંડનો પર્દાફાશ થયો ત્યારે છત્તીસગઢમાં પણ 'મહાદેવ-એપ' કૌભાંડે લોકોને હચમચાવી દીધા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં સ્પષ્ટ થઈ ગયું છે કે જેમણે દેશને લૂંટ્યો છે તેમણે લૂંટેલા પૈસા દેશને પરત કરવા પડશે. ભ્રષ્ટાચારના મામલામાં કોઈને પણ બક્ષવામાં આવશે નહીં, પછી ભલે તે ગમે તેટલો મોટો વ્યક્તિ કેમ ન હોય - આવી વિચારસરણી દેશવાસીઓમાં વિકસી છે. આ રાષ્ટ્રીય મહાઅધિવેશન દેશને ભ્રષ્ટાચારમુક્ત શાસન આપવા માટે તેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

## કોંગ્રેસનું વિભાજનકારી રાજકારણ

લાંબા સમયથી કોંગ્રેસ વારંવાર રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને સમર્થન આપવાના કાર્યમાં અગ્રેસર રહી છે. તાજેતરમાં કર્ણાટકની કોંગ્રેસ સરકારમાં નાયબ મુખ્યમંત્રીના ભાઈ અને કોંગ્રેસના લોકસભા સાંસદ ડી.કે. સુરેશે ખુલ્લેઆમ દક્ષિણ ભારતને અલગ દેશ તરીકે માન્યતા આપવાની વિભાજનકારી માંગ કરી હતી. આ અંગે સમગ્ર કોંગ્રેસ નેતૃત્વ મૌન હતું.

જે કોંગ્રેસ પોતાના પક્ષ સાથે જોડાયેલા એક હિન્દુ સંતને સનાતન સંસ્કૃતિના સમર્થનમાં બોલવા બદલ હાંકી કાઢે છે, એ જ કોંગ્રેસ વિભાજનકારી નિવેદનો કરનારાઓને રક્ષણ આપે છે. કોંગ્રેસનો હાથ ભાગલા પાડનારા લોકો સાથે છે તે સ્પષ્ટ છે.

કોંગ્રેસના નેતાઓ દેશ-વિદેશમાં તમામ પ્રકારની વિભાજનકારી શક્તિઓ સાથે વાતચીત કરે છે. રાહુલ ગાંધીએ જ્યોર્જ પુનિયાના આશીર્વાદ લીધા જેઓ સતત ભારત માતાનું અપમાન કરતાં નિવેદનો આપે છે. કોઈમ્બતુર બોમ્બ કેસના ગુનેગારોને મુક્ત કરવામાં આવે છે અને 'ભારત તેરે ટુકડે હોંગે'ના નારા લગાવનારા લોકોને કોંગ્રેસના કાર્યક્રમોનો ચહેરો બનાવવામાં આવે છે.

કોંગ્રેસની ભૂલો જ્યોર્જ સોરોસ જેવા લોકોથી સ્પષ્ટ દેખાય છે જેઓ ભારતવિરોધી પ્રવૃત્તિઓને પ્રાયોજિત કરે છે. વિદેશની ધરતી પર જઈને ભારતની લોકશાહીમાં દખલગીરી કરવા વિદેશી શક્તિઓ પાસેથી ફંડ માંગવામાં આવે છે. પાકિસ્તાનથી કોંગ્રેસના નેતાઓ મોદી સરકાર વિરુદ્ધ મદદ માંગે છે અને પાકિસ્તાન તરફી ગીતો ગાય છે. કોંગ્રેસના ઘણા નેતાઓએ પાકિસ્તાન જઈને ભારતવિરોધી શક્તિઓને આહ્વાન કરે છે. કલમ 370 નાબૂદ કરવાના સમયે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી પાકિસ્તાન પાસેથી સંમતિ મેળવવાની વાત કરે છે. વાત અહીં અટકતી નથી, પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રમાં આપેલા પોતાના ડોઝિયરમાં અનુચ્છેદ 370ના સમર્થનમાં રાહુલ ગાંધીના નિવેદનનો ઉપયોગ કરે છે.

## ભારતીય સંસ્કૃતિ પર હુમલો

અયોધ્યામાં શ્રી રામજન્મભૂમિ ખાતે રામલલ્લાના 'પ્રાણપ્રતિષ્ઠા' સમારોહનો બહિષ્કાર કરવો એ વિપક્ષની તુષ્ટીકરણની રાજનીતિની પરાકાષ્ઠા છે. કોંગ્રેસ, એસપી, આરજેડી, તૃણમૂલ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ડીએમકે સહિત 'ભારત ગઠબંધન'ના તમામ ઘટક પક્ષો શ્રી રામમંદિર વિશે અપમાનજનક ટિપ્પણી કરે છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કહે છે કે જો 2024માં શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર પરત આવશે તો ભારતમાં સનાતન સત્તા સ્થાપિત થશે. તેમના પુત્ર અને કર્ણાટક સરકારના મંત્રી પ્રિયંક ખડગે સનાતન સંસ્કૃતિને કલંકિત કરવાના તમામ પ્રયાસો કરે છે. જ્યારે કોંગ્રેસના સહયોગી સાથી ડીએમકે સનાતનને ડેન્ગ્યુ, મેલેરિયા



## પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં માનવતાને શરમાવે તેવી ઘટના નિંદનીય છે

તાજેતરમાં એક ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સ્વતંત્ર ભારતમાં આવી અસંસ્કારી અને આવી દર્દનાક ઘટના આપણામાંથી કોઈએ સાંભળી ન હતી. આ માત્ર પશ્ચિમ બંગાળને કલંકિત કરનારી ઘટના નથી, પરંતુ માનવતાને શરમાવે તેવી ઘટના પણ છે. મહિલા મુખ્યમંત્રીના રક્ષણમાં ઉછરી રહેલા તેના નેતાઓ અને તેની ટોળકી દ્વારા જે રીતે મહિલાઓની ગરિમાનું હનન કરવામાં આવ્યું છે તે સંસ્કારી સમાજની નિશાની ન હોઈ શકે. ભારતીય જનતા પાર્ટી આ ઘૃણાસ્પદ ઘટનાની સખત નિંદા કરે છે અને દોષિતો સામે તાત્કાલિક કડક કાર્યવાહીની માંગ કરે છે.

અને એઈડ્સ સાથે સરખાવે છે ત્યારે કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમ તેના સમર્થનમાં નિવેદન આપે છે.

'ભારતીય ગઠબંધન' સાથી પક્ષો રાષ્ટ્રીય જનતા દળ અને સમાજવાદી પાર્ટીના નેતાઓ સનાતન વિરુદ્ધ સતત ઝેર ઓકતા રહે છે. આ યાદીમાં આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયાથી લઈને રાજેન્દ્ર ગૌતમ અને ગોપાલ ઈટાલિયા સુધીના ઘણા નેતાઓ હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કરે છે.

### કોંગ્રેસના દરેક પ્રગતિશીલ પગલાનો વિરોધ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લાં દસ વર્ષમાં લીધેલા તમામ ઐતિહાસિક નિર્ણયો અને વિકસિત ભારતનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે લેવામાં આવેલાં પગલાંઓનો કોંગ્રેસ અને તેના સહયોગીઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. કલમ 370 નાબૂદ કરવાનો વિષય હોય, ટ્રિપલ તલાક પર કડક કાયદો હોય, નાગરિકતા સંશોધન કાયદો હોય, આતંકવાદ વિરોધી કડક કાયદો હોય, જમ્મુ-કાશ્મીરમાં વંચિતો, દલિતો, આદિવાસીઓ અને પછાત લોકોને અધિકાર આપવાનો વિષય હોય, કોંગ્રેસે દરેક પગલાનો વિરોધ કર્યો, એટલું જ નહીં, સમયાંતરે સેનાની બહાદુરી અને સિદ્ધિઓ પર સવાલો ઉઠાવવાનો પ્રયાસ કરીને આપણા દેશના જવાનોનું મનોબળ તોડવાનો નિંદનીય પ્રયાસ પણ કર્યો છે.

### ક્યારેક સમર્થન, તો ક્યારેક વિરોધની રાજનીતિ

છેલ્લાં 10 વર્ષ પર નજર કરીએ તો દરેક પ્રસંગે કોંગ્રેસે અગાઉ જે બાબતોનું સમર્થન કર્યું હતું તેનો વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. ડિજિટલ ક્રાંતિ કે જેના માટે તે તેની પીઠ થપથપાવતી હતી, આજે જ્યારે તેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોન્ચ કરવામાં આવી ત્યારે કોંગ્રેસે તેનો વિરોધ કરવાનું શરૂ કર્યું. 'ગરીબી હટાવો'ના ખોટા નારા આપનાર કોંગ્રેસે જ્યારે ગરીબોનાં જન-ધન બેંક ખાતાં ખોલવાનું શરૂ કર્યું ત્યારે તેનો વિરોધ શરૂ કર્યો. UPI હોય કે આધાર, કોંગ્રેસે આ બધાનો વિરોધ કર્યો. જે GSTની તે અગાઉ હિમાયત કરી રહી હતી, જ્યારે તેનો વાસ્તવિક અમલ કરવાનો સમય આવ્યો ત્યારે તેણે તેનો વિરોધ કરવાનું શરૂ કર્યું. નવા સંસદ ભવનનો પ્રસ્તાવ કોંગ્રેસના શાસન દરમિયાન ઘણી વખત આવ્યો હતો, પરંતુ જ્યારે નવા સંસદ ભવનનું નિર્માણ અને ઉદ્ઘાટન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું ત્યારે કોંગ્રેસે તેનો બહિષ્કાર કર્યો હતો. જો જોવામાં આવે તો તે વાસ્તવમાં લોકશાહીના મંદિરનું અપમાન હતું. પછાત વર્ગો માટે મગરનાં આંસુ વહાવતી કોંગ્રેસ તેના દસ વર્ષના શાસન દરમિયાન પછાત વર્ગ આયોગને બંધારણીય માન્યતા આપી શકી નથી અને રાજીવ ગાંધીએ પછાત વર્ગની અનામતનો કેટલી હદે વિરોધ કર્યો હતો તે સૌ જાણે છે. જ્યારે સમગ્ર વિશ્વમાં કોવિડ રોગચાળો ફેલાઈ રહ્યો હતો અને ભારત તેના સંકલ્પ અને શિસ્તના બળ પર આ રોગચાળા સામે લડી રહ્યું હતું, ત્યારે કોંગ્રેસે ન માત્ર દેશનું મનોબળ તોડવાનું કામ કર્યું હતું, આ વૈશ્વિક મહામારી સામે લડવા માટે પગલાં લેવામાં પણ નિષ્ફળ ગઈ હતી. રોગચાળા સામે લેવાતાં પગલાંઓમાં કોંગ્રેસે અવરોધ ઊભો કર્યો. તેણે 'મેડ ઈન ઈન્ડિયા' રસીનો પણ વિરોધ કર્યો હતો. જો જોવામાં આવે તો, કોંગ્રેસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લેવામાં આવેલા દરેક ઐતિહાસિક અને પરિવર્તનકારી પગલાનો વિરોધ કરવા માટે કટિબદ્ધ છે, પછી ભલે તે દેશને નુકસાન પહોંચાડે.

## કોંગ્રેસ દેશની બંધારણીય સંસ્થાઓ અને વૈજ્ઞાનિકોનું અપમાન કરે છે

દેશની તમામ બંધારણીય સંસ્થાઓનું અપમાન કરવું એ ભારત ગઠબંધનની જૂની આદત છે. ન્યાયતંત્ર, ધારાસભા, કારોબારી અને ચૂંટણી પંચ વિશે જંગલી નિવેદનો કરવા ઉપરાંત, 'ઇન્ડી ગઠબંધન'ના નેતાઓને દેશના વૈજ્ઞાનિકોને પણ કોસવામાં કોઈ સંકોચ થતો નથી. દેશના આર્મી ચીફને 'ગુંડા' જેવા શબ્દો કહેવામાં આવ્યા છે. હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ ચંદ્રયાનની સફળતામાં વિશેષ યોગદાન આપનાર વૈજ્ઞાનિકોને પૂછી રહ્યા છે કે શું ચંદ્ર પર પહોંચવાથી ભૂખ્યાને ભોજન મળશે? કોવિડ સમયગાળા દરમિયાન પણ, તેણે દેશની રસી પર પ્રશ્નો ઉઠાવીને માત્ર ભારતીય વૈજ્ઞાનિકોનું અપમાન કર્યું નથી, પરંતુ વિદેશી કંપનીઓ માટે લોબી કરવાનો નિષ્ફળ પ્રયાસ પણ કર્યો હતો.

## કોંગ્રેસનું અપરિપક્વ અને બેજવાબદાર રાજકારણ

કોંગ્રેસ દેશના બંધારણ, કોર્ટ, સંસદ, ચૂંટણી પંચ, ઈવીએમ અને અન્ય આદરણીય લોકતાંત્રિક સંસ્થાઓ પર પ્રહાર કરીને પોતાની દુર્દશા વિશે આત્મનિરીક્ષણ કરવાનું સતત ટાળી રહી છે. જ્યારે પણ કોર્ટ તેની વિરુદ્ધ ચુકાદો આપે છે, ત્યારે તેઓ કોર્ટને શાપ આપે છે અને જ્યારે તેઓ ચૂંટણી હારી જાય છે, ત્યારે તેઓ ચૂંટણી પંચનો, પછી ઈવીએમનો અને મતદારોનો પણ દુરુપયોગ થયો હોવાની કાગારોળ મચાવ છે. પરિણામ એ છે કે રાહુલ ગાંધી વિદેશમાં જઈને પણ કહી રહ્યા છે કે ભારતની લોકશાહી ખતરામાં છે અને અન્ય દેશોને ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાની અપીલ કરી રહ્યા છે. જ્યાં એક તરફ તેઓ 'લોકશાહીની માતા' તરીકે ઓળખાતા ભારતનું અપમાન કરી રહ્યા છે, તો બીજી તરફ અનેક ચેતવણીઓ છતાં તેઓ એ જ ભૂલોનું પુનરાવર્તન કરી રહ્યા છે જેની તેમને સજા મળી છે. 'ચોકીદાર ચોર હૈ' જેવા નિવેદનો માટે તેમણે સુપ્રીમ કોર્ટમાં કેવી રીતે માફી માંગવી પડી તે દેશને આજે પણ યાદ છે. આજે જ્યારે કોંગ્રેસ પોતાની ભૂલોમાંથી શીખી શકી નથી ત્યારે તે જુઠ્ઠાણા, પ્રચાર અને છેતરપિંડીનું રાજકારણ કરી રહી છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો આ પ્રકારની અપરિપક્વ અને બેજવાબદારીભરી રાજનીતિથી પોતાની જાતને હાસ્યનું પાત્ર બનાવી રહ્યા છે.

## ઈન્ડી ગઠબંધન દ્વારા હિંસા અને અરાજકતાનું રાજકારણ

ભારતીય ગઠબંધનમાં સામેલ કોંગ્રેસ અને તેના મોટા ભાગના સાથી પક્ષો દેશમાં અરાજકતા અને હિંસાની રાજનીતિમાં સામેલ છે. તાજેતરમાં, પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં હૃદયદ્રાવક ભયાનક ઘટનાઓ પ્રકાશમાં આવી છે. તૃણમૂલ કોંગ્રેસ પશ્ચિમ બંગાળમાં ભાજપના કાર્યકરોને નિશાન બનાવીને હિંસા દ્વારા લોકોના અવાજને દબાવવાનો સતત પ્રયાસ કરી રહી છે. તેવી જ રીતે, કેરળમાં સીપીઆઈ-સીપીએમ અને તેમના સહયોગીઓ દ્વારા ભાજપના કાર્યકરો સામે હત્યા અને હિંસાની ઘણી ઘટનાઓ બની છે. બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ દ્વારા જે પ્રકારનું જંગલરાજ સ્થાપવામાં આવ્યું હતું તેને દેશ આજે પણ યાદ કરે છે. જ્યાં પણ કોંગ્રેસની સરકારો હતી ત્યાં દલિતો, આદિવાસીઓ, મહિલાઓ, ખેડૂતો અને સામાન્ય લોકોએ અનેક પ્રકારના જુલમ અને અત્યાચારો સહન કરવા પડ્યા હતા. દેશમાં જ્યાં પણ આંદોલનના નામે ભાગલા પાડનારાં તત્ત્વો દ્વારા અરાજકતાનું વાતાવરણ સર્જવાના પ્રયાસો કરવામાં આવે છે, ત્યાં કોંગ્રેસ અને તેના સાથી પક્ષો આગમાં ઈંધણ ભેળવવા માટે સૌથી પહેલાં પહોંચી જાય છે. ભાજપનું આ મહાસંમેલન કોંગ્રેસ અને તેના સાથી પક્ષો દ્વારા ચલાવવામાં આવી રહેલી હિંસા અને અરાજકતાની રાજનીતિ સામે દેશભરના સંઘર્ષમાં પોતાના જીવનનું બલિદાન આપનારા ભાજપના કાર્યકરોનું અભિવાદન કરે છે. અમે આ પ્રકારની નકારાત્મક રાજનીતિ સામે અમારો સંઘર્ષ ચાલુ રાખવાનો સંકલ્પ કરીએ છીએ.

## કોંગ્રેસનું પતન નિશ્ચિત છે

તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો અયોધ્યામાં ભગવાન શ્રી રામલલ્લાની 'પ્રાણપ્રતિષ્ઠા' વિધિના રાષ્ટ્રીય મહત્વને સમજી શક્યા નથી. જ્યારે આખો દેશ ભગવાન શ્રી રામ પ્રત્યેની ભક્તિ સાથે એક ઉત્સવની જેમ એક થઈને આ શુભ અવસરની ઉજવણી કરી રહ્યો હતો, ત્યારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો તેમના સિદ્ધાંતહીન રાજકારણને કારણે



દૂર રહ્યા. વોટબેંકથી આંખે પાટા બાંધેલી કોંગ્રેસ ક્યારેય કોઈ રાષ્ટ્રીય મુદ્દા પર જનતાની સાથે ઊભેલી જોવા મળતી નથી. આટલું જ નહીં, રાષ્ટ્રીય મહત્વના કોઈપણ મુદ્દા પર અડચણો ઊભી કરવાનું શરમજનક કામ કોંગ્રેસ જ કરે છે, જેનાથી દેશનું ગૌરવ અને સન્માન ઘટે છે. તેણે માત્ર શ્રી રામમંદિર ચળવળનો જ વિરોધ કર્યો ન હતો, તેના માર્ગમાં અવરોધો ઊભા કર્યા હતા, તેણે ભગવાન રામના અસ્તિત્વ પર જ પ્રશ્નો ઊભા કર્યા હતા. આજે પણ કોંગ્રેસને કદાચ એ વાતનો અફસોસ છે કે તે ‘રામસેતુ’ તોડી શકી નથી અને હવે અયોધ્યામાં ભવ્ય શ્રી રામમંદિરના નિર્માણનું સત્ય સ્વીકારવામાં અસમર્થ છે. હવે જ્યારે લોકો કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની તકવાદી વોટબેંકની રાજનીતિ જોઈ રહ્યા છે, તો તેમાં કોઈ શંકા નથી કે તેઓ તેમને ક્યારેય માફ નહીં કરે.

કોંગ્રેસનું સતત પતન હવે તેને એવા તબક્કામાં લઈ ગયું છે જ્યાંથી તેનું પાછા ફરવું અશક્ય છે. આઝાદી પછી જે રીતે તેનું વૈચારિક અધઃપતન શરૂ થયું, તે તેના સંગઠનાત્મક વિઘટનમાં પરિણમ્યું. પરિણામે સત્તાકેન્દ્રી અને સિદ્ધાંતવિહીન રાજકારણ કોંગ્રેસના પતનનું કારણ બન્યું. આજે તે રાજકારણમાં દરેક પ્રકારના દુર્ગુણોનું પ્રતીક બની ગયું છે. તે માત્ર વંશવાદી રાજનીતિનો જ નહીં, પરંતુ મતબેંકના રાજકારણને કારણે સમાજને વિભાજિત કરતી જાતિ, પ્રદેશ, સંપ્રદાય, ભાષા અને અન્ય વિભાજનકારી રાજકારણનો પર્યાય બની ગયો છે. આજે જ્યારે જનતાએ તેને સત્તા પરથી હાંકી કાઢ્યો છે અને દરેક ચૂંટણીમાં તેને પાઠ ભણાવી રહી છે ત્યારે કોંગ્રેસ પ્રચાર અને જુઠ્ઠાણાની રાજનીતિનો આશરો લઈ રહી છે. તેને લાગે છે કે તે પાયાવિહોણા આરોપોનું વારંવાર પુનરાવર્તન કરીને સત્તામાં પરત ફરી શકે છે. જ્યાં સુધી તે રચનાત્મક રાજનીતિથી દૂર રહેશે અને લોકશાહી સંસ્થાઓનું અપમાન કરવાનું ચાલુ રાખશે અને દેશને તોડનારાઓને સાથ આપશે ત્યાં સુધી જનતા પણ તેને ચૂંટણીમાં પાઠ ભણાવતી રહેશે.

ભાજપનું આ રાષ્ટ્રીય અધિવેશન કોંગ્રેસ અને ‘‘ઇન્ડી ગઠબંધન’’ની સ્વાર્થ, ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર, નકારાત્મક અને હતાશાની રાજનીતિને હરાવવા અને ‘વિકસિત ભારત’ના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વ હેઠળ એક થવાનું આહ્વાન કરે છે.

વંદે માતરમ!

ભારત માતા અમર રહે !!


## માલિકી અને અન્ય વિભાગોનું વિવરણ ફોર્મ-૪ (જુઓ નિયમ-૮) વૃત્તપત્ર કાયદા પ્રમાણે ‘મનોગત’ પાક્ષિક સંબંધી હકીકત

૧. પ્રકાશક : **ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ,** જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ–૩૮૦૦૦૧

૨. પ્રકાશનની મુદત : **પાક્ષિક**

૩. મુદ્રક-પ્રકાશક : **ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ વતી શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ**
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ–૩૮૦૦૦૧

૪. તંત્રી : **શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ**
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રીલેખા ભવન, પાલડી ગામ, અમદાવાદ–૩૮૦ ૦૦૭

હું સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) સુરેન્દ્રભાઈ એમ. પટેલ
(મુદ્રક-પ્રકાશક)

# ગુજરાતની લોકસભા સીટોના આપણા ઉમેદવારો



**શ્રી અમિતભાઈ શાહ**

**ગાંધીનગર**



**શ્રી સી. આર. પાટીલ**

**નવસારી**



**શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

**રાજકોટ**



**શ્રી મનસુખભાઈ માંડવિયા**

**પોરબંદર**



**શ્રી વિનોદભાઈ ચાવડા**

**કચ્છ**

## ગુજરાતની લોકસભા સીટોના આપણા ઉમેદવારો



**ડૉ. રેખાબહેન ચૌધરી**

**બનાસકાંઠા**



**શ્રી ભરતસિંહ ડાભી**

**પાટણ**



**શ્રી દિનેશભાઈ મકવાણા**

**અમદાવાદ પશ્ચિમ**



**શ્રી પૂનમબહેન માડમ**

**જામનગર**



**શ્રી મિતેશભાઈ પટેલ**

**આણંદ**

# ગુજરાતની લોકસભા સીટોના આપણા ઉમેદવારો



**શ્રી દેવુંસિંહ ચૌહાણ**

**ખેડા**



**શ્રી રાજપાલસિંહ જાદવ**

**પંચમહાલ**



**શ્રી જશવંતસિંહ ભાભોર**

**દાહોદ**



**શ્રી મનસુખભાઈ વસાવા**

**ભરૂચ**



**શ્રી પ્રભુભાઈ વસાવા**

**બારડોલી**



# અમૃત ભારત સ્ટેશન યોજનામાં ગુજરાતના ૪૬ રેલવે સ્ટેશન ૧૩૬ જેટલા રેલવે ઓવરબ્રિજ-અંડરબ્રિજને નવા રૂપરંગ અપાશે



## લોકોની સારી સેવા કરવાની ઈચ્છાશક્તિ હોય તો સુશાસન દ્વારા રેલવે સેવાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ દેશ-દુનિયાને બતાવ્યું છે – મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, લોકોની સારી સેવા કરવાની ઈચ્છાશક્તિ હોય તો ગુડ ગવર્નન્સ દ્વારા રેલવે સેવાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તેવી તરાહ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને દર્શાવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે દેશભરના ૫૦૦થી વધુ રેલવે સ્ટેશન અને ૧૫૦૦ ઉપરાંત રેલવે અંડરબ્રિજ-ઓવરબ્રિજના ઈ-ખાત મુહૂર્ત અને ઈ-લોકાર્પણ તથા રિ-ડેવલપમેન્ટ કામો વર્ચ્યુઅલ માધ્યમથી સંપન્ન કરાવ્યાં હતાં. ગુજરાતના ૪૬ રેલવે સ્ટેશન અને ૧૩૦ જેટલા અંડરબ્રિજ-ઓવરબ્રિજનો આ યોજના અન્વયે સમાવેશ કરવામાં આવેલો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ રેલવે સ્ટેશને યોજાયેલા સમારોહમાં સહભાગી થયા હતા. અમદાવાદ રેલવે સ્ટેશનના રૂ. ૨,૩૭૯ કરોડના રિ-ડેવલપમેન્ટ કામો સહિત સમગ્રતયા રૂ. ૩,૪૮૭ કરોડથી વધુની રકમનાં કામો ગુજરાતને મળ્યાં છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વમાં દેશભરમાં અવિરત વિકાસની પરંપરા ઊભી થઈ છે. પાછલા દશકામાં રેલવે સુવિધાઓની સ્પીડ અને સ્કેલ બેય સતત વધતાં રહ્યા છે. તેમણે ગુજરાતને મળેલા રેલ સેવાનાં વિવિધ કામોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ૨૦૧૪ સુધીમાં દર વર્ષે ગુજરાતને કેન્દ્ર સરકાર સરેરાશ ૫૦૦-૬૦૦ કરોડ રૂપિયા ફાળવતી હતી. ૨૦૧૪ પછી ગુજરાતને રેલવેની માળખાકીય સુવિધાના વિસ્તરણનો વ્યાપક લાભ મળ્યો છે અને રાજ્યમાં રૂ. ૧૭,૭૦૦ કરોડના ૪૮ રેલવે પ્રોજેક્ટ હાલ કાર્યરત છે.

એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીએ આ વર્ષના રેલવે બજેટમાં ગુજરાતને રૂ. ૮,૫૦૦ કરોડથી વધુની રકમ ફાળવી છે. રાજ્યના ૮૯ રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશન તરીકે વિકસાવવાનું પણ આયોજન થયું છે. મુખ્યમંત્રીશ્રીએ પાછલાં નવ વર્ષમાં રેલવે લાઈનના ઇલેક્ટ્રિફિકેશન, રેલવે ટ્રેક ડબલીંગ અને ગેજ કન્વર્ઝનનાં થયેલાં અનેક કામોની વિગતો આપી હતી. તેમણે ઉમેર્યું કે, SOU સુધી પ્રવાસીઓ સરળતાએ પહોંચી શકે તે માટે એકતાનગર સુધી રેલવે સેવા, સાબરમતી રેલવે સ્ટેશનનું દાંડીકૂચ થીમ અને સોમનાથ સ્ટેશનનું વાસ્તુશિલ્પ થીમ પર ડેવલપમેન્ટ જેવા પ્રવાસન-પર્યટન અને તીર્થાટન વિકાસકામો પણ રેલવેના માધ્યમથી થઈ રહ્યાં છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીએ આપેલા વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા રેલવે સેવાઓના વ્યાપ વિસ્તારથી વિકાસયાત્રાને નવી ઊંચાઈએ લઈ જવાની પ્રતિબદ્ધતા પણ આ તકે દર્શાવી હતી.

પુનઃ વિકસિત કરવામાં આવી રહેલાં આ સ્ટેશનો શહેરની બંને બાજુ એકીકૃત કરતા 'સિટી સેન્ટર્સ' તરીકે કામ કરશે. તેમાં સુંદર લેન્ડસ્કેપિંગ, ઇન્ટર મોડલ કનેક્ટિવિટી, રૂફ પ્લાઝા, કિડ્સ પ્લે એરિયા, કિઓસ્ક, સુધારેલા આધુનિક અગ્રભાગ, ફૂડ કોર્ટ વગેરે જેવી આધુનિક પેસેન્જર સુવિધાઓ ઉપલબ્ધ હશે. તેમને પર્યાવરણને અનુકૂળ અને દિવ્યાંગ મૈત્રીપૂર્ણ રીતે પુનઃવિકસિત કરવામાં આવશે. આ સ્ટેશન ઇમારતોની ડિઝાઇન સ્થાનિક સંસ્કૃતિ, વારસો અને સ્થાપત્યથી પ્રેરિત હશે.

નવા ભારતના નિર્માણ થકી દેશને ૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દરેક ક્ષેત્રે અનેકવિધ વિકાસકાર્યો થકી આજે દેશ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું.



## પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલજીના માર્ગદર્શનમાં પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ ડૉ. દીપિકાબેન સરડવાજીની અધ્યક્ષતામાં સમગ્ર ગુજરાતની 182 વિધાનસભા સ્તરે નારી શક્તિ વંદન યાત્રાના માધ્યમથી પદયાત્રા સ્કુટી સાઈકલ રેલીમાં બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં મહિલાઓના નેતૃત્વમાં વિકાસની ગતિશીલતા વધી છે અને મહિલાઓના જીવનની દિશા બદલાય છે. આજે કેટલીક બહેનોએ મુદ્રા લોન દ્વારા લોન મેળવી છે તો કેટલીક બહેનોએ જીવનમાં પ્રથમવાર બેંકમાં ખાતું ખોલાવ્યું છે. કરોડો મહિલાઓએ પહેલીવાર પોતાના ઘરમાં સિલિન્ડરનો ઉપયોગ કરીને ધુમાડાથી મુક્તિ મેળવી છે. બીજી તરફ સ્ટેન્ડ અપ અને સ્ટાર્ટઅપમાં ક્રાંતિ કરીને દેશભરની છોકરીઓ અને મહિલાઓએ પોતાનો વ્યવસાય શરૂ કર્યો છે. સ્ટાર્ટઅપથી લઈને અવકાશ સુધી મહિલાઓ તેમનાં સપનાં સાકાર થતાં જોઈ રહી છે.

આજે છોકરીઓ ઉચ્ચ શિક્ષણનાં ભવ્ય અભ્યાસ છોડી રહી નથી. આજે પરિવારો તેમની દીકરીઓના જન્મની ઉજવણી કરી રહ્યા છે. આજે મહિલાઓ સુરક્ષિત અને આત્મનિર્ભરતાની લાગણી અનુભવી રહી છે.

આ આભાર વ્યક્ત કરીને અને આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનને ફરી એકવાર વડાપ્રધાન બનાવવાના સંકલ્પ સાથે મહિલા શક્તિ વંદન યાત્રાના માધ્યમથી વડાપ્રધાનશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી રહી છે, અને આગામી લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર મોદી સરકાર બનાવવાનો સંકલ્પ કર્યો.

પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલજીના માર્ગદર્શનમાં પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ ડૉ. દીપિકાબહેન સરડવાજીની અધ્યક્ષતામાં સમગ્ર ગુજરાતની 182 વિધાનસભા સ્તરે નારીશક્તિ વંદન યાત્રાના માધ્યમથી પદયાત્રા સ્કુટી સાઇકલ રેલીમાં બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### મહિલા શક્તિ વંદના કાર્યક્રમ અંતર્ગત 41 જિલ્લામા મેરેથોન દોડમાં મહિલા મોરચાના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો

કેન્દ્રમાં જ્યારથી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની ધુરા સંભાળી છે ત્યારથી દેશની મહિલાઓના ઉત્થાન અને દેશના વિકાસમા મહિલાઓનો ફાળો રહે, દેશમાં દીકરીઓની સંખ્યા વધે, મહિલાઓ સશક્ત બને તે દિશામાં સતત કામ કરી મહિલાઓને સરકારની યોજનાઓના લાભ મળે તે માટે અનેક યોજનાઓ જાહેર કરી છે. આ યોજનાઓમાં ડ્રોન દીદી યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, ઉજાલા યોજના, મુદ્રા લોન જેવી ઘણી યોજનાઓનો સમાવેશ થાય છે. હાલમાં જ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકસભા અને રાજ્યસભામાં મહિલાઓને અનામત અપાવી રાજકારણ ક્ષેત્રમાં પણ મહિલાઓ ભાગ લઈ દેશના લોકોની સેવા કરવાની તક મજબૂત કરી છે. આમ મહિલાઓ માટે અનેક કામ કરવા બદલ મહિલા મોરચાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં મહિલા શક્તિ વંદના કાર્યક્મ અંતર્ગત 41 જિલ્લામાં મેરેથોન દોડ કાર્યક્રમમાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં યશસ્વી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીના જીતના સંકલ્પને સરળતાથી પ્રાપ્ત કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ગુજરાતથી 26 માંથી 26 કમળ અર્પણ કરવાનો પ્રયાસ કરવાનો સંકલ્પ કર્યો છે.

# મહિલા અને દીકરીલક્ષી કલ્યાણકારી યોજનાઓ



**નમો શ્રી :**

● સગર્ભા/ધાત્રી માતાને પ્રસૂતિ પહેલાં અને પછી કુલ મળીને રૂ. ૧૨,૦૦૦ની સહાય. ● SC/ST/NFSA /PM-JAY સહિતના ૧૧ માપદંડોની પૂર્ણતા.

**નમો સરસ્વતી**

● ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે રૂ. ૧૦,૦૦૦ની સહાય. ● ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે રૂ. ૧૫,૦૦૦ની સહાય. ● ગરીબ અને મધ્યમ વર્ગની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને મળશે લાભ.

**નમો લક્ષ્મી**

● ધોરણ ૯ અને ૧૦ માટે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ની સહાય. ● ધોરણ ૧૧ અને ૧૨ માટે વાર્ષિક રૂ. ૧૫,૦૦૦ની સહાય. ● ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ રૂ. ૫૦,૦૦૦ની સહાય. ● વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા પરિવારોની દીકરીઓને મળશે લાભ. ● સરકારી, અનુદાન મેળવતી અને ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી અંદાજે રૂ. ૧૦ લાખ વિદ્યાર્થીનીઓને મળશે લાભ.

**વ્હાલી દીકરી**

● આ યોજના હેઠળ દીકરીને ધોરણ-૧માં પ્રવેશ સમયે રૂ. ૪૦૦૦ની સહાય. ● ધોરણ-૯માં આવે ત્યારે રૂ. ૬૦૦૦ની સહાય. ● ૧૮ વર્ષની ઉંમર વટાવે ત્યારે રૂ. ૧,૦૦,૦૦૦ની સહાય. ● પુખ્ત વયની થતાં ઉચ્ચ શિક્ષણ તથા તેના લગ્નપ્રસંગે અન્ય યોજના અંતર્ગત સહાય. ● સંપર્કઃ જિલ્લા મહિલા અને બાળવિકાસ અધિકારી.

**સુકન્યા સમૃદ્ધિ**

● બેંક અથવા પોસ્ટ ઓફિસમાં દીકરીના નામે ખાતું ખોલાવી દર વર્ષે રૂ. ૨૫૦ થી વધુમાં વધુ ૧,૫૦,૦૦૦ સુધી જમા કરાવી શકાય. ● જેની ઉપર વાર્ષિક ૭.૬ % દરે વ્યાજ મળે. ● જમા રકમ ઉપર ૮૦ સી હેઠળ લાભ. ● દીકરીના લગ્ન સમયે ૧૦૦ % ઉપાડી શકાય, સંપર્ક : સ્થાનિક પોસ્ટ ઓફિસ.

**જનધન**

● દેશના દરેક નાગરિકમાં બચતની આદત પડે તથા તમામ વ્યવહારો બેંક મારફતે થાય તો દેશના અર્થતંત્રને પણ ગતિ મળે તેવા ઉમદા આશયથી શરૂ થયેલ વિશાળકાય યોજના. દેશમાં કુલ ૪૪.૨૩ કરોડ ખાતાં ખૂલ્યાં. ● જેમાં રૂ. ૧.૫ લાખ કરતાં વધુની રકમ બચત પેટે જમા થયેલ છે, સંપર્કઃ કોઈ પણ બેંક.

**મુદ્રા લોન**

● કોઈ પણ વ્યક્તિ પોતાનો ધંધો શરૂ કરવા માટે લોન લઈ શકે. ● ગેરેન્ટી વગર લોન મળે. ● લોન લેવા માટે બિઝનેસ પ્લાન બતાવવાનો રહેશે. ● રૂ. ૫૦,૦૦૦ થી લઈને રૂ. ૧૦ લાખ સુધીની લોન.

**સર્વાઈકલ કેન્સર વેક્સિન યોજના**

● નિઃશુલ્ક સર્વાઈકલ કેન્સર વેક્સિન. ● ૯ થી ૧૪ વર્ષની દીકરીઓ માટે.

**જીવન જ્યોતિ યોજના**

● રૂ. ૩૩૦ પ્રતિ વર્ષનું સસ્તું પ્રીમિયમ, ● મૃત્યુની સ્થિતિમાં રૂ. ૨ લાખનું વીમા રક્ષણ.

**પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના**

● માત્ર ૧૨ રૂપિયા પ્રતિ વર્ષનું સસ્તું પ્રીમિયમ. ● આકસ્મિક મૃત્યુ અને પૂર્ણ વિકલાંગતા માટે રૂ. ૨ લાખનું વીમા રક્ષણ.

**વિશ્વકર્મા યોજના**

● પારંપરિક શિલ્પકારો અને કારીગરોને સહાયતા, ● ૧૮ પારંપરિક વ્યવસાયો સામેલ. ● પ્રથમ તબક્કામાં રૂ. ૧ લાખ સુધીની અને બીજા તબક્કામાં રૂ. ૨ લાખ સુધીની મદદ માત્ર ૫% ટકાના દર પર ● કૌશલ્ય વિકાસ પ્રશિક્ષણ, ટુલ-કીટ લાભ, ડિજિટલ લેવડદેવડ પર ઈનસેન્ટીવ અને માર્કેટિંગ સપોર્ટ.

**નમો ડ્રોન દીદી**

● રૂ. ૧૨૬૧ કરોડના ખર્ચે ૧૫,૦૦૦ સેલ્ફ હેલ્પ ગ્રુપ (SHGs)ને ડ્રોન આપવામાં આવશે. ● મહિલાઓને ૧૫ દિવસની ટ્રેનિંગ. ● મહિલા ડ્રોન પીલોટને પ્રતિ માસ રૂ. ૧૫,૦૦૦ વેતન.

**લખપતિ દીદી**

● મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રુપ (SHGs) સાથે જોડાઈને નવા ઉદ્યોગ માટે રૂ. ૫ લાખ સુધીની વગર વ્યાજે લોન મેળવી શકે.

- **વિધાનસભા અને લોકસભામાં 33% મહિલા અનામત, રાષ્ટ્રનિર્માણમાં મહિલાઓની ભાગીદારી**
- **મહિલાઓને ધુમાડાથી મુક્તિ, ૧૦ કરોડથી વધુ ગેસ સિલિન્ડરનું વિનામૂલ્યે વિતરણ**
- **૧૨ કરોડ શૈચાયલોનું નિર્માણ, ૪,૪૦,૦૦૦ ગામડાંઓ ખુલ્લા શૌચાલય મુક્ત થયાં**
- **માતૃવંદના યોજના થકી ૩.૨૦ કરોડ ગર્ભવતી મહિલાઓને રૂા. ૧૪ હજાર કરોડની સહાય**
- **સ્વયં સહાયતા સમૂહો દ્વારા ૧૦ કરોડથી વધુ મહિલાઓના આત્મિનિર્ભરતાને પ્રોત્સાહન**
- **૨૬.૫૦ કરોડ મહિલાઓના જન ધન ખાતાં ખોલાયાં**
- **પ્રસૂતિ સમયે મળતી સવેતન રજા, ૧૨ અઠવાડિયાથી વધારી ૨૬ અઠવાડિયાં કરી**
- **સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત રૂ. ૧૮ કરોડથી વધુ ખાતાં ખોલવામાં આવ્યાં.**

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓએ અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલલ્લાનાં શ્રદ્ધાપૂર્વક દર્શન-અર્ચન કર્યાં ત્યારની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.